# વિચાર

વર્ષ ૨૧ અંક ૪, સળંગ અંક ૭૭ ઓક્ટોબર–ડિસેમ્બર, ૨૦૧૬



## શું વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેમના અધિકારો મળશે!

યૂરોપીય સંઘ

उन्नति
UNNATI

| | |
|---|---|
| ■ **સંપાદકીય** | 3 |
| ■ શિક્ષણનો અધિકાર ('રાઈટ ટૂ એજ્યુકેશન' - આર.ટી.ઈ)ના અમલીકરણને મજબૂત બનાવવું | 5 |
| ■ વૃદ્ધો માટે નહિ ચૂકવાયેલા પેન્શનને મુક્ત કરાવવા માટેની પ્રક્રિયા | 13 |
| ■ 'યુનિફોર્મ સિવિલ કોડ'ની નહીં, પરંતુ હક્કોની એકરૂપતાનો અમલ વધુ જરૂરી છે' | 16 |
| ■ ગમ્મત સાથે જ્ઞાન આપતા અનેરા શિક્ષકઃ રમેશ ઘારૂ | 18 |
| ■ બેઝવાડા વિલ્સન સાથે મુલાકાત | 20 |
| ■ **સાંપ્રત પ્રવાહ** | 24 |

# સંપાદકીય

## શું વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેમના અધિકારો મળશે!

આખરે લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે 'રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિઝેબિલિટીઝ કાયદો-2016' સંસદ દ્વારા શિયાળુ સત્રમાં પસાર કરવામાં આવ્યો. વિકલાંગતા પ્રત્યે 'દાક્તરી' કે 'પરોપકારી' અભિગમ ન દાખવતાં તેને સામાજિક અને માનવ હક્કોના દ્રષ્ટિકોણથી જોવાનો અભિગમ રજૂ કરતા સંયુક્ત રાષ્ટ્રોના 'રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ' (વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના હક્કો) અંગેના 2007ના આંતરરાષ્ટ્રીય અધિવેશન (યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ) પર હસ્તાક્ષર કરનારાં પ્રથમ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. આ મુજબ, ફક્ત વિકલાંગતાને લગતા કાયદાઓને જ નહીં, બલ્કે દેશના તમામ પ્રવર્તમાન કાયદાઓ, નીતિઓ, કાર્યક્રમો અને યોજનાઓને આ યુએન કન્વેન્શન સાથે સુસંગત કરવા જરૂરી છે. આ યુએન કન્વેન્શનના એક દાયકા બાદ હવે શરૂઆત થઈ ચૂકી છે અને પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ, 1995ને સ્થાને 'રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ કાયદો 2016' તાજેતરમાં પસાર કરવામાં આવ્યો. જૂના વિધેયકમાં દર્શાવેલી સાત વિકલાંગતાઓને સ્થાને આ નવા વિધેયકમાં 21 વિકલાંગતાઓને સમાવવામાં આવી છે, જેમાં - એસિડ હુમલાના પીડિત, થેલિસેમિયા જેવી લોહીને લગતી બિમારી, પાર્કિન્સન જેવી ચેતાકીય (ન્યુરોલોજિકલ) બિમારીઓ, વામનતા ઉપરાંત બધિરાન્ધતા (સાંભળી ન શકવું અને જોઈ ન શકવું) જેવી બહુવિધ વિકલાંગતાઓનો સમાવેશ થાય છે. નવા વિધેયક મુજબ, વિકલાંગતાને કારણે અસમાનતામાં... વિકલાંગતાના આધારે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવો, બહિષ્કાર અને તિરસ્કાર કરવો, વિકલાંગતાના આધારે નિયંત્રણો મૂકવાં, અન્યોની તુલનામાં સમાન ધોરણો ન અપનાવવા, વિકલાંગ વ્યક્તિઓને જરૂરી સહયોગ ન આપવો વગેરેનો સમાવેશ થાય છે.

આ વિધેયકની અન્ય લાક્ષણિકતાઓ આ પ્રમાણે છેઃ સરકારી અને ખાનગી એમ બંને ક્ષેત્રોને આ વિધેયક હેઠળ આવરી લેવાશે, સરકારી સહાય અને માન્યતા ધરાવતી તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચ ટકા અનામત અને સરકારી એકમોમાં રોજગારી માટે ચોક્કસ વિકલાંગતાઓ માટે ચાર ટકા અનામત અપાશે. સાર્વત્રિક ઓળખ પત્રો (યુનિવર્સલ આઇડેન્ટિટી કાર્ડ) પૂરા પાડવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ ઓળખ પત્ર સમગ્ર દેશમાં માન્ય ગણાશે. સાથે જ તે અવરોધ-મુક્ત વાતાવરણનું સર્જન કરશે. આ કાયદા અંતર્ગત દંડાત્મક કાર્યવાહીની પણ જોગવાઈ કરવામા આવી છે. રાજ્યોએ તેમની આર્થિક ક્ષમતામાં રહીને સામાજિક સુરક્ષાના લાભોની જોગવાઈ કરવાની રહેશે. પરંતુ, આ લાભોનું પ્રમાણ અન્ય લોકો માટેના આ પ્રકારના લાભો કરતાં 25 ટકા ઊંચું હોવું જોઈએ અને ગરીબી નાબૂદી માટેની યોજનાઓમાં પાંચ ટકા અનામત. તમામ વિકલાંગ વ્યક્તિઓને માનવ-સર્જિત કે કુદરતી આફતોમાં રક્ષણ અને સલામતી પૂરાં પાડવાંની જોગવાઈનો પણ સમાવેશ થયો છે. વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને બાળકો માટે સમાન ધોરણે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેમ કે આજીવિકા, બાળકોનો ઉછેર, જમીન ફાળવણી તથા આવાસ, આરોગ્ય સેવાઓ અને બરોજગારી ભથ્થું.



નવા વિધેયકમાં ઘણી પ્રગતિશીલ જોગવાઈઓ સામેલ કરવામાં આવી હોવા છતાં, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અન્ય વ્યક્તિઓની માફક તેમના હક્કોનો ઉપયોગ કરવા માટે સક્ષમ છે કે કેમ તે ગંભીર ચિંતાનો વિષય છે. એક વર્ષ અગાઉની પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટિની ભલામણો સાથેની વિધેયકની નવી આવૃત્તિની ચર્ચા અને પ્રતિભાવો માટે જાહેર ક્ષેત્રે રજૂઆત થઈ નથી. આમ 'અમારા કલ્યાણ માટે અમને સામેલ કરવા જરૂરી' એ સૂત્ર ફક્ત કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ જોગવાઈઓના

લાભ - જેવા કે અનામત, સામાજિક સલામતીના લાભો તથા હક્કોના ઉલ્લંઘન માટે કાનૂની કેસ દાખલ કરવો વગેરે મેળવી શકે તે માટે તેમને 40 ટકા વિકલાંગતાનું દાકતરી પ્રમાણપત્ર મળી રહે તે જરૂરી છે. વિકલાંગતાની શ્રેણીની સંખ્યામાં વધારો થયો છે ત્યારે વિકલાંગતા ધરાવનારી 70 ટકા કરતાં વધુ વ્યક્તિઓ ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને શારીરિક, સામાજિક, આર્થિક તથા પ્રાદેશિક અવરોધોને કારણે તેમણે ઘરની અંદર જ પૂરાઈ રહેવું પડે છે. અહીં પ્રશ્ન એ છે કે, વિકલાંગતાની સાત શ્રેણી અનુસાર, 22 વર્ષ બાદ પણ, સમગ્ર ભારતમાં (સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના 2015-2016ના વાર્ષિક અહેવાલ અનુસાર) દાકતરી પ્રમાણપત્રનો દર ફક્ત 49.5 ટકા છે. કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારો કેટલી સમય મર્યાદામાં નવા કાયદા માટેના નિયમો ઘડશે? 21 પ્રકારની વિકલાંગતાઓને પ્રમાણિત કરવા માટે તે કેવી રીતે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ રચના કરશે? લાખો વિકલાંગ વ્યક્તિઓ હક્કો અને યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે પ્રથમ તો તેમનું પ્રમાણપત્ર કરવા માટે આ વ્યક્તિઓ સુધી પહોંચવા માટે કઈ વ્યવસ્થાઓ વિકસાવવામાં આવશે? વિકલાંગ વ્યક્તિઓ તેમની જરૂરિયાતો રજૂ કરવા અવાજ ઉઠાવી શકે તે માટે તેમનું સશક્તિકરણ ક્યારે અને કેવી રીતે કરવામાં આવશે? ખાનગી ક્ષેત્રને તેમના કુલ કર્મચારીની ટકાવારી અનુસાર વિકલાંગતા ધરાવતી પાંચ ટકા વ્યક્તિઓને સામેલ કરવા માટે પ્રોત્સાહિત કેવી રીતે કરી શકાશે? જાહેર ક્ષેત્રનું કદ ઘટાડવામાં આવી રહ્યું છે, ત્યારે વિકલાંગતા ધરાવનારી શિક્ષિત વ્યક્તિઓને કેવી રીતે રોજગારી પૂરી પાડવામાં આવશે? વગેરે અનેક પ્રશ્નો સામે ખડા છે.

1995ના પીડબલ્યુડી અધિનિયમમાં સજાની જોગવાઈઓનો અભાવ હતો, જ્યારે નવા વિધેયકમાં પ્રથમ ઉલ્લંઘન બદલ રૂ. 10,000 અને ત્યાર પછીના ઉલ્લંઘન બદલ રૂ. 50,000થી લઈને રૂ. પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ છે. ચોક્કસ વિકલાંગતાવાળી વ્યક્તિઓના લાભ અન્ય કોઈ વ્યક્તિ ખોટી રીતે લેશે અને તે પુરવાર થશે તો તે વ્યક્તિને બે વર્ષ સુધીની સજા અથવા રૂ. 1 લાખ સુધીનો દંડ અથવા બંને થવા પાત્ર છે. વિકલાંગ વ્યક્તિનું જાણી જોઈને અપમાન, અપશબ્દ, શારીરિક હાનિ, સાધન-સહાય ઝૂંટવી લેવા, ભોજન-પાણીથી વંચિત રાખવા અને વિકલાંગ બાળકો અને મહિલાઓનું યૌન શોષણ કરવું - ખાસ કરીને વિકલાંગ મહિલા ઉપર કોઈપણ જાતની દાક્તરી પ્રક્રિયા અને વિકલાંગ મહિલાની સંમતિ વિના ગર્ભપાત કરાવવાની સ્થિતિમાં 6 મહિનાથી પાંચ વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. ભારતના અન્ય કાયદાઓની માફક જ આ કાયદાનું અમલીકરણ મોટા પડકાર સમાન છે. કેન્દ્ર સરકારે આ કાયદાનો અમલ કઈ તારીખથી થશે તેને વિશે કોઈ જાહેરાત કરી નથી. સમુદાયની માનસિકતા તથા અભિગમમાં પરિવર્તન લાવવું એ સૌથી મોટો પડકાર છે અને તે માટે વ્યાપક સ્તરે જાગૃતિ ફેલાવવી જરૂરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના આંકડાઓ અનુસાર વૈશ્વિક વસ્તીમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની ટકાવારી 15 ટકા છે. આ જોતાં, આપણા દેશમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સંખ્યાની ગણતરી કરવી ઘણી જ જરૂરી છે. ભારતમાં, 2001 અને 2011ની વસ્તી ગણતરી અનુસાર, 1995ના અધિનિયમ હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલી સાત પ્રકારની વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓનું પ્રમાણ ફક્ત બે ટકા જેટલું છે ત્યારે વિકલાંગતાઓની શ્રેણીમાં કરવામાં આવેલા ઉમેરાને પગલે હવે આ સંખ્યામાં વધારો થવાની પૂરતી શક્યતા રહેલી છે.

2007ના યુએન કન્વેન્શનમાં જે ભાવિ સ્થિતિ વ્યક્ત કરવામાં આવી છે, તે હાંસલ કરવા માટે આપણે ઘણી લાંબી મજલ ખેડવી પડશે. યુએન કન્વેન્શન 'અમારા (કલ્યાણ) માટે અમને સામેલ કરવા જરૂરી' પર ભાર મૂકે છે, ત્યારે કેન્દ્ર સરકાર તથા સંબંધિત રાજ્ય સરકારોએ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અને તેમનાં પ્રતિનિધિ સંગઠનો સાથે સલાહ-મસલત કરીને તાકીદે આ કાયદાના નિયમો ઘડવા જોઈએ. ■

# શિક્ષણનો અધિકાર ('રાઈટ ટૂ એજ્યુકેશન' - આર.ટી.ઈ)ના અમલીકરણને મજબૂત બનાવવું

'ઉન્નતિ' દ્વારા ગુજરાતના કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં શિક્ષણના અધિકાર (આર.ટી.ઈ.) અંગે ગ્રામ સ્તરીય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન 'અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન' (એ.આઈ.એફ.)ના કાર્યક્રમના ભાગરૂપે યોજાયું હતું. આ અભિયાનનો અહેવાલ 'ઉન્નતિ'ના **ગીતા શર્મા** અને **જયંત લાયેક** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

**ગ્રામસ્તરીય અભિયાનનો અહેવાલ અને શિક્ષણના અધિકાર અધિનિયમ અંગે પાયાની માહિતી**

ગુજરાતમાં 85 ટકા બાળકો પ્રાથમિક નિશાળમાં જાય છે અને 15 ટકા બાળકો ખાનગી નિશાળમાં જાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે દેશનાં અન્ય રાજ્યોની તુલનામાં શાળાઓની માળખાકીય સુવિધામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. સુધારો ધરાવતી સુવિધા છતાં, બાળકોનાં શિક્ષણનું સ્તર ચિંતાનો વિષય છે. ઉપરાંત, મોટાભાગની શાળાઓની કામગીરીમાં સામુદાયિક સહભાગિતાનું પ્રમાણ ઘણું જ નીચું છે. મોટા ભાગનાં લોકો ('રાઈટ ટૂ એજ્યુકેશન-આર.ટી.ઇ.') અધિનિયમની ચાવીરૂપ જોગવાઈઓથી અજાણ છે, જેના કારણે તેઓ શાળાની કામગીરીમાં પોતાની ભૂમિકા સક્ષમ રીતે ભજવી શકતાં નથી.

તા. 26થી 30 જુલાઈ, 2016 દરમ્યાન 'ઉન્નતિ'એ આ અભિયાનનું આયોજન ગામના નાગરિકો અને શાળા વ્યવસ્થાપન સમિતિ (સ્કૂલ મેનેજમેન્ટ કમિટી - એસએમસી)ના સભ્યોને શિક્ષણના અધિકાર અધિનિયમ અંગે માહિતી અને જોગવાઈઓની જાણકારી આપવા માટે કર્યું હતું.

અભિયાનની પ્રક્રિયામાં મુખ્યત્વે સમગ્ર અભિયાન દરમિયાન ખાસ કરીને સીમાંત સમુદાયના સભ્યોની સક્રિય સહભાગિતા રહે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. એકઠાં થયેલાં લોકોએ પ્રાથમિક શિક્ષણને લગતા પ્રશ્નો વિશે ચર્ચા કરી હતી. આ ચર્ચામાં ગામના બાળકોના શિક્ષણસ્તર વિશેના પ્રશ્નો વિશે સમજૂતી મેળવી શકાઈ હતી. અભિયાનમાં 1001 લોકો (પુરુષો-639, સ્ત્રીઓ-362)એ ભાગ લીધો હતો અને તેમણે શાળાકીય શિક્ષણની વર્તમાન વ્યવસ્થા પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

મોટાભાગની શાળાઓમાં એસએમસી સક્રિય નથી અથવા તો એવું કહી શકાય કે એસએમસીને સક્રિય રાખવા માટે સરકારે કોઈ પ્રયત્નો કર્યા નથી. એક પણ એસએમસી સભ્યને સરકાર દ્વારા કોઈપણ પ્રકારની તાલીમ આપવામાં આવી નથી. દરેક શાળામાં ફક્ત ઔપચારિકતા ખાતર જ એસએમસી રચવામાં આવી છે. એસએમસીના સભ્યોને શાળાની પ્રવૃત્તિઓ કે કામગીરીમાં કોઈ રસ નથી. ગામડાંઓમાં એવી વાત વહેતી કરવામાં આવી છે કે એસએમસી એ કેવળ શિક્ષકોની જરૂરિયાત પ્રમાણે કામ કરતી સમિતિ માત્ર છે, શાળાની કામગીરીમાં તે કોઈ પ્રાથમિક જવાબદારી કે સત્તા ધરાવતી નથી. એસએમસીના સભ્યોની જવાબદારી તેમની પાસે મોકલવામાં આવતાં નોંધણી પત્રકોમાં સહી કરવાની છે, બેઠકો હાથ ધરવાની કે લોકોને બેઠકમાં હાજર રહેવા માટે પ્રોત્સાહિત કરવાની તેમની જવાબદારી નથી. શાળાની જરૂરિયાતોમાં સુધારો કરવા માટે એસએમસી કે સમુદાય દ્વારા કોઈ માંગણી કરવામાં આવતી નથી. શાળા વિકાસ આયોજન (સ્કૂલ ડેવલપમેન્ટ પ્લાન) સમુદાય સમક્ષ સક્રિયપણે રજૂ કરવામાં આવતો નથી.

લોકો બાળકને નપાસ ન કરવાની નીતિ (નો ડિટેન્શન પોલિસી)ના વિરોધી છે. તેમના મતાનુસાર, બાળકોમાં પરીક્ષાનો ડર ન રહ્યો હોવાથી તેઓ અભ્યાસ પ્રત્યે બેદરકારી દાખવે છે. કારણ કે, બાળકો જાણે છે કે તેઓ અભ્યાસ નહીં કરે, તો પણ તેમને કક્ષામાં પાછા રાખવામાં આવશે નહિ. શિક્ષકો પણ આ નીતિના વિરોધી છે. તેમના મતે, આ નીતિ શિક્ષકોના અભ્યાસના સ્તર પર અવળી અસર કરે છે. શિક્ષકોએ પાસ કરી દેવાની નીતિનું સમુદાય સમક્ષ ખોટું અર્થઘટન કર્યું છે. સરકારની આ નીતિ પાછળનો ઉદ્દેશ્ય સમુદાય સાથે સીધો સંપર્ક ધરાવતા શિક્ષકોને યોગ્ય રીતે જણાવવામાં નથી આવ્યો. જેના કારણે, આ નીતિનો વિરોધ થઈ રહ્યો છે.

સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન વિશે લોકો કોઈ માહિતી ધરાવતા નથી. લોકોને શાળાકીય સ્તરે કરવામાં આવેલી આકારણી અંગેની માહિતી પૂરી પાડવા માટે શાળા અને સરકારી વહીવટી તંત્રએ કોઈ પ્રયત્નો કર્યા નથી. શાળાઓમાં નિયમિતપણે પરીક્ષાઓ લેવાય છે

## અભિયાન દરમિયાન ચર્ચાયેલા પ્રશ્નો

<table>
<tr><th>ક્રમ</th><th>રજૂ કરવામાં આવેલા પ્રશ્નો</th><th>સુધારાત્મક પગલાં</th></tr>
<tr><td>1.</td><td>બાળકોનું શૈક્ષણિક સ્તર ઘણું જ નીચું જણાયું હતું. બાળકો તેમનાં નામ સુદ્ધાં લખી શકતાં નહોતાં કે વાક્ય વાંચી શકતાં નહોતાં. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ નથી મળી રહ્યું.</td><td rowspan="19">• લોકોને સૂત્રો મારફતે આરટીઇની જોગવાઈઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.<br><br>• એસએમસી અંતર્ગત લોકોને સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન, નપાસ નહિ કરવાની નીતિ, શારીરિક સજા વિશે માહિતી આપવામાં આવી.<br><br>• શાળાના સમગ્ર વ્યવસ્થાપનમાં એસએમસીની ભૂમિકા વિશે ચર્ચા થઈ.<br><br>• સામૂહિક પગલાં અંગે ચર્ચા હાથ ધરવામાં આવી.<br><br>• અનિયમિતતાનાં કારણો વિશે ચર્ચા હાથ ધરવામાં આવી.<br><br>• અનિયમિતતા અંગે તપાસ કરવાની જવાબદારી સમુદાયના સભ્યોને સોંપવામાં આવી.<br><br>• સમુદાયે કમ્પ્યુટર શિક્ષણના મુદ્દા અંગે ચર્ચા કરવી જોઈએ.<br><br>• સ્થળાંતર કરનારા પરિવારોનાં બાળકો તેમના સંબંધીઓ સાથે ગામમાં જ રોકાય તેનું ધ્યાન સમુદાયે રાખવાનું રહેશે.</td></tr>
<tr><td>2.</td><td>એસએમસી વિશે યોગ્ય જાણકારી નથી. લોકોનું માનવું છે કે એસએમસી ફક્ત વહીવટી ઔપચારિકતા જ પૂરી કરે છે.</td></tr>
<tr><td>3.</td><td>એસએમસીના સભ્યો બેઠકની કાર્યસૂચિથી વાકેફ ન હોવાથી તેઓ શિક્ષકો દ્વારા યોજાતી બેઠકોમાં હાજર રહેતા નથી. વળી, શિક્ષકો પણ તેમને યોગ્ય જાણકારી આપતા નથી.</td></tr>
<tr><td>4.</td><td>એસએમસીની ભૂમિકા અંગે લોકોને સતત સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન વિશે જાણકારી નથી.</td></tr>
<tr><td>5.</td><td>મોટા ભાગનાં લોકો દ્વનો ડિટેન્શન પોલિસીના વિરોધી છે. લોકો માને છે કે શિક્ષણ વ્યવસ્થામાં આ નીતિનો અમલ થયો, તે બાળકોના નબળા શિક્ષણ સ્તર પાછળનું મુખ્ય કારણ છે.</td></tr>
<tr><td>6.</td><td>શારીરિક સજા વિશે કોઈ જાણકારી નથી.</td></tr>
<tr><td>7.</td><td>એસએમસી પૂર્ણપણે શિક્ષકોનું નિયંત્રણ ધરાવે છે. સભ્યોની પસંદગીથી લઈને બેઠકોનું આયોજન કરવું તથા ભંડોળના વ્યવસ્થાપન સુધીની કામગીરી પર શિક્ષકોનું નિયંત્રણ રહે છે.</td></tr>
<tr><td>8.</td><td>શિક્ષકો દરેક બાળકના શિક્ષણ સ્તર વિશે સમજૂતી મેળવતા નથી. તેઓ સાર્વત્રિક પદ્ધતિ પ્રમાણે વર્ગખંડમાં શિક્ષણ આપે છે. વાલીઓના જણાવ્યા પ્રમાણે બાળકોને એક જ પ્રકારનું હોમવર્ક આપવામાં આવે છે.</td></tr>
<tr><td>9.</td><td>કેટલાક સક્રિય લોકો શાળાના વ્યવસ્થાપનનું નિરીક્ષણ કરવા માટે શાળાની મુલાકાત લે છે. જો કે, આ પગલાં સામૂહિક સ્વરૂપનાં હોતાં નથી.</td></tr>
<tr><td>10.</td><td>રબારી અને કોળી સમુદાયનાં બાળકો સૌથી વધુ અનિયમિત રહે છે. શિક્ષકોનું માનવું છે કે આ બાળકોને રોજ શાળાએ આવવાની ફરજ પાડી શકાય તેમ નથી. આથી શિક્ષકો પણ તે બાળકો પર ધ્યાન આપતા નથી.</td></tr>
<tr><td>11.</td><td>ઉચ્ચ શાળામાં જરૂરી સુવિધાઓના અભાવને પગલે માતા-પિતા છોકરીઓને ઉચ્ચ-શિક્ષણ માટે શાળાએ મોકલતા નથી અને વિદ્યાર્થીનીઓને ઉઠાડી લેવાય છે.</td></tr>
<tr><td>12.</td><td>શાળાની કામગીરી પૂર્ણપણે શિક્ષકો પર નિર્ભર છે. ગામડાંઓમાં શિક્ષકો અને સમુદાય વચ્ચે જોડાણ નથી.</td></tr>
<tr><td>13.</td><td>કમ્પ્યુટર શીખવવા માટે કોઈ ખાસ શિક્ષકની જોગવાઈ કરવામાં આવી નથી.</td></tr>
<tr><td>14.</td><td>સરકારી શાળાનાં બાળકોએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.</td></tr>
<tr><td>15.</td><td>પાલક માતા-પિતા યોજના, ‘એસ્કોર્ટ એલાઉન્સ’ વગેરે જેવી સરકારી યોજનાઓ અંગે કોઈ જાણકારી નથી.</td></tr>
<tr><td>16.</td><td>માતા-પિતા બાળકોને સરકારી શાળાને બદલે ખાનગી શાળાઓમાં મોકલવાનું પસંદ કરે છે.</td></tr>
<tr><td>17.</td><td>મોટા ભાગનાં માતા-પિતા અશિક્ષિત હોવાથી તેઓ ઘરે બાળકોને ભણાવી શકતાં નથી.</td></tr>
<tr><td>18.</td><td>કોળી અને રબારી સમુદાયમાં સ્થળાંતરનો પ્રશ્ન મોજૂદ છે.</td></tr>
<tr><td>19.</td><td>એસએમસી બેઠકો દરમિયાન કઈ કાર્યસૂચિઓ (એજન્ડા)ની ચર્ચા કરવામાં આવી તે વિશે લોકોને કોઈ જાણકારી હોતી નથી. શિક્ષકો અને એસએમસી સભ્યો વચ્ચેની બેઠક દરમિયાન ચર્ચવામાં આવેલા પ્રશ્નો વિશે કોઈ માહિતી આપવામાં આવતી નથી.</td></tr>
</table>





અને જવાબવહીઓ બાળકોને આપીને તેમને તેમાં વાલીની સહી કરીને લઈ આવવાનું જણાવાય છે. સહી કરતી વખતે માતા-પિતા બાળકોને પરીક્ષાની તે ઉત્તરવહીઓ વિશે કશું જ પૂછ્યા વિના તેમાં સહી કરી દે છે. સમુદાયને સતત નિરીક્ષણ અને મૂલ્યાંકનની રૂપરેખા બતાવવામાં નથી આવતાં અને તેમનાં બાળકોને કેવી રીતે 'ગ્રેડ' આપવામાં આવ્યો છે કે તેમના શૈક્ષણિક દેખાવનું કેવી રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે તે વિશે કોઈ માહિતી આપવામાં આવતી નથી.

રબારી અને કોળી સમુદાયનાં બાળકોની શાળામાં અનિયમિતતા હજી પણ મોટી સમસ્યા છે. આ સમુદાયો સામાજિક તેમ જ આર્થિક દ્રષ્ટિએ પછાત હોવાથી તેઓ શિક્ષણને પ્રાથમિકતા આપતા નથી. તેઓ પરિવાર માટે રોજીરોટી રળવામાં વ્યસ્ત હોય છે અને આ કામમાં બાળકોને પણ જોતરવામાં આવે છે. બાળકો તેમનાં માતા-પિતા સાથે બાળ-મજૂર તરીકે કામ કરે છે. વળી, આ સમુદાયોનાં બાળકો શાળાનું શિક્ષણ મેળવનારી પ્રથમ પેઢી હોવાથી પરિવારમાં પણ તેમના અભ્યાસને લઈને સાનુકૂળ વાતાવરણ હોતું નથી. કેટલાંક માતા-પિતા સાથેની વાતચીત દરમિયાન કોઈએ જણાવ્યું હતું કે તેઓ નિરક્ષર છે અને રોજીરોટી રળવામાં જ વ્યસ્ત રહેતાં હોવાથી પોતાના બાળકના શિક્ષણ પર ધ્યાન આપી શકતાં નથી. આમ, બાળકોને શિક્ષણ આપવાની સમગ્ર જવાબદારી શિક્ષકોની રહે છે. વળી, માતા-પિતા એવી વિચારસરણી ધરાવે છે કે તેમનાં બાળકો ગમે તેટલું ભણી લે, આખરે તો તેમણે સમૃદ્ધ સમુદાયોના મજૂરો તરીકે જ કામ કરવાનું છે, આથી માતા-પિતા બાળકોના ભણતરને ગંભીરતાથી લેતાં નથી.

શાળામાં કમ્પ્યુટરના શિક્ષકો નથી તે પણ બાળકોના શિક્ષણ માટે ચિંતાનો વિષય છે. ઘણી શાળાઓમાં કમ્પ્યુટર આપવામાં આવ્યાં છે પણ કમ્પ્યુટરનો સુયોગ્ય ઉપયોગ થતો નથી. ખાસ કરીને 3થી 5 ધોરણનાં બાળકોએ આજ સુધી કમ્પ્યુટરનો ઉપયોગ કર્યો નથી. 'કમ્પ્યુટર સાયન્સ' માટે અલાયદા શિક્ષકો ન હોવાને કારણે આ વિષય ભણાવવામાં જ આવતો નથી. આ મુદ્દે ચર્ચા કરતાં શિક્ષકોએ સરકારી તંત્ર પર અને વાલીઓએ શિક્ષકો પર દોષનો ટોપલો ઢોળ્યો હતો.

મોટાભાગનાં બાળકો, તેમાંયે ખાસ કરીને ગરીબ અને પછાત સમુદાયોની છોકરીઓ ધોરણ-8 પછી શાળા છોડી દે છે. ગ્રામીણ વિસ્તારમાં વસનારાં લોકો માટે હજી પણ શિક્ષણ મૂળભૂત જરૂરિયાત નથી. રબારી અને કોળી સમુદાયનાં લોકો હજી પણ પાયાનું શિક્ષણ મેળવ્યા વિના અછતો વચ્ચે જીવન ગુજારે છે.

### આ સમસ્યાનો ઉપાય

શાળાની કામગીરીમાં સમુદાયની સામેલગીરી એ શિક્ષણને લગતા તમામ પ્રશ્નો માટેનો ચાવીરૂપ ઉપાય છે. 'આરટીઇ' અધિનિયમ અનુસાર, શાળાઓનું વ્યવસ્થાપન સમુદાય દ્વારા થવું જોઈએ. શાળાને સહભાગિતા પદ્ધતિ મુજબ ચલાવવા માટે સરકારે એસએમસી થકી ખાસ સત્તાઓ આપી છે. આ પ્રશ્નોના નિવારણ માટેનાં સામૂહિક પગલાં ભરવા માટે શિક્ષકો અને સમુદાય વચ્ચે રહેલું અંતર દૂર કરવું જરૂરી છે. તાજેતરમાં માલૂમ પડ્યું છે કે ગામની શાળાઓ અલાયદી સંસ્થા તરીકે કામ કરી રહી છે, લોકોને શાળામાં શું ચાલી રહ્યું છે તે વિશે કોઈ જાણકારી નથી. શિક્ષકોને પણ શાળાના પ્રશ્નો વિશે સમુદાયમાં ચર્ચા કરવામાં કોઈ રસ નથી.

આથી એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે સરકારી શિક્ષકો શાળાની કામગીરીમાં સમુદાયને સામેલ કરવા ઇચ્છતા નથી. શાળાની તમામ

## શિક્ષણના અધિકાર અધિનિયમ (આર.ટી.ઈ.)–૨૦૦૯
## મુખ્ય પાસાંઓ

ભારત દેશમાં ૬ થી ૧૪ વર્ષના દરેક બાળકને મફત અને ફરજીયાત શિક્ષણ આપવાનાં હેતુસર શિક્ષણનો અધિકાર-૨૦૦૯ ધારો ઘડવામાં આવ્યો છે. જે એપ્રિલ ૨૦૧૦ થી દેશભરમાં અમલમાં છે. આ કાયદાને અમલ કરવા માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા ફેબુઆરી ૨૦૧૨ થી નિયમો ઘડ્યા છે. આ કાયદો દરેક બાળકને મફત અને ફરજીયાપણે ભણવાની તક અને અધિકાર આપે છે, જેનાં મુખ્ય પાસાંઓ નીચે મુજબ છેઃ

૧. પ્રત્યેક બાળકને તેના રહેઠાણના એક કિલોમીટરના વિસ્તારમાં પ્રાથમિક શાળા અને ત્રણ કિલોમીટરના વિસ્તારમાં માધ્યમિક શાળા ઉપલબ્ધ થવી જોઈએ. જો નિર્ધારિત અંતરે શાળા ઉપલબ્ધ ન હોય તો તેઓ સ્કૂલમાં હાજરી આપી શકે તે માટે હોસ્ટેલ અને વાહનની વ્યવસ્થા હોવી જોઈએ.
૨. બાળકને પ્રવેશ આપતી વખતે શાળા કે વ્યક્તિ કોઈ અનુદાન માગશે નહીં, તેમજ બાળક કે તેના વાલી કે પછી પાલકને ઈન્ટરવ્યુ આપવા ફરજ પાડી નહીં શકે. અનુદાનની રકમ માગવા બદલ કે ઈન્ટરવ્યુ લેવા બદલ ભારે દંડની જોગવાઈ છે.
૩. વિકલાંગ બાળકો પણ મુખ્ય પ્રવાહની નિયમિત શાળામાં શિક્ષણ મેળવી શકશે.
૪. જરૂરી કાગળોના અભાવે કોઈ પણ બાળકને સ્કૂલમાં એડમિશન લેતા રોકી શકાશે નહીં, સ્કૂલમાં એડમિશનની પ્રક્રિયા પૂરી થઈ ગઈ હોય તો પણ કોઈ પણ બાળકને પરત મોકલવામાં નહીં આવે તેમજ કોઈ પણ બાળકને પ્રવેશ પરીક્ષા આપવાનું કહેવામાં નહીં આવે.
૫. કોઈ પણ બાળકને કોઈ પણ ધોરણમાં (નાપાસ કરીને) અટકાવી રાખી શકાશે નહીં તથા આઠ વર્ષનું શિક્ષણ પુરુ ન કરે ત્યાં સુધી કોઈ પણ બાળકને શાળામાંથી કાઢી શકાશે નહીં.
૬. શાળાઓમાં શિક્ષકો અને વર્ગખંડની સંખ્યા પૂરતા પ્રમાણમાં રહેશે - પ્રત્યેક ૩૦ બાળકે એક શિક્ષકની, પ્રત્યેક શિક્ષક માટે એક વર્ગખંડની તથા આચાર્ય માટે અલગ રૂમની જોગવાઈ કરવામાં આવી છે.
૭. કોઈ પણ શિક્ષક/શિક્ષિકા ખાનગી ટ્યુશન કે ખાનગી શિક્ષણ પ્રવૃત્તિ કરી શકશે નહીં.
૮. શાળાઓમાં છોકરીઓ અને છોકરાઓ માટે અલગ અલગ શૌચાલયની વ્યવસ્થા રહેશે.
૯. કોઈ પણ બાળકને શારીરિક સજા કે માનસિક ત્રાસ આપી શકાશે નહીં.
૧૦. આ અધિનિયમ હેઠળ ફરીયાદ નિવારણ માટે ગ્રામસ્તરે પંચાયત, ક્લસ્ટર સ્તરે ક્લસ્ટર રીસોર્સ સેન્ટર (સી.આર.સી.), તાલુકા સ્તરે તાલુકા પંચાયત, જિલ્લા સ્તરે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી સ્તરે વ્યવસ્થા છે.

પ્રવૃત્તિઓ પોતાના જ નિયંત્રણ હેઠળ હાથ ધરાય તેમ તેઓ ઈચ્છે છે. એસએમસીની રચના પણ સહભાગિતાના આધારે થતી નથી. મોટાભાગના કિસ્સાઓમાં, એસએમસીમાં એવા સભ્યોને જ સામેલ કરવામાં આવ્યા છે, જેઓ કદી પણ શિક્ષકોનો વિરોધ ન કરે. વળી, મોટા ભાગના સભ્યો શિક્ષકોના હિતેચ્છુઓ જ છે.



તાજેતરના સમયમાં ખાનગીકરણ પણ મોટી સમસ્યા છે. પોતાનાં બાળકોને ખાનગી શાળામાં મોકલવા માટે સક્ષમ હોય તેવા વાલીઓ પાસે વિકલ્પ મોજૂદ હોવાથી તેઓ સરકારી શાળાની કામગીરી વધુ સારી થાય તે માટે કોઈ ભૂમિકા નથી ભજવતા. તો બીજી તરફ, સરકારી શાળા સિવાય બીજો કોઈ વિકલ્પ ન ધરાવતા સીમાંત લોકો પણ શાળાની કામગીરી બહેતર બને તે માટે કોઈ પ્રયત્નો નથી કરતા. તેના કારણે તેમનાં બાળકોને કથળેલા સ્તરનું શિક્ષણ મળે છે. પ્રાથમિક સ્તરે નીચી ગુણવત્તાના શિક્ષણને કારણે ઉચ્ચ શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બાળક નિષ્ફળ જાય છે. પરિણામે, શિક્ષણ મેળવવું તેઓની ક્ષમતાની બહારની વાત છે એવી માન્યતા ફેલાય છે અને કાં તો પછી બાળકને અધવચ્ચેથી શાળામાંથી ઊઠાડી લેવાય છે અથવા તો તે શાળામાં અનિયમિત રહેવા માંડે છે. અભ્યાસો દર્શાવે છે કે પ્રાથમિક પૂર્વેનું (પ્રિ-પ્રાઇમરી) શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણ એ એવો સમયગાળો હોય છે જે દરમિયાન બાળકનું મગજ ઝડપથી વિકસવા માંડે છે. આથી, બાળકના માનસિક વિકાસનો મુખ્ય આધાર આ શિક્ષણ પર જ રહેલો છે. આ તબક્કો બાળકના સમગ્ર જીવનકાળ

માટેના શિક્ષણનો તબક્કો બની રહે છે. તેથી, આ તબક્કાને બાળ વિકાસ માટે મૂલ્યવાન બનાવવાના પ્રયત્નો હાથ ધરાયા છે.

આ અભિયાનમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવા માટેનો મંચ પૂરો પાડવામાં આવ્યો હતો. જેના આધારે, સામાજિક પ્રશ્નો મુદ્દે સક્રિય હોય તેવા કેટલાક નાગરિકોનો સંપર્ક થયો હતો અને આ નાગરિકો ભવિષ્યમાં આ પ્રશ્નોના નિવારણ માટે કામગીરી કરશે. મહિલાઓએ પોતાનાં બાળકોને શાળાએ મોકલવાની અને તેઓના અભ્યાસ પર ધ્યાન આપવાની જવાબદારી ઊઠાવી છે. લોકોને તેમના મુદ્દાઓની રજૂઆત કરવા માટેની વિવિધ ફોરમ વિશે જાણકારી આપવામાં આવી હતી. સાથે જ તેમને સરકારી યોજનાઓ વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી, જેથી તેઓ આ યોજનાઓ મારફત તેમનાં બાળકોના અધિકારો માટે માંગણી કરી શકે. શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવા માટે એસએમસીની મિટિંગ અને ગ્રામસભામાં ભાગ લઈને સમુદાયની સામેલગીરી સુનિશ્ચિત કરવામાં આવશે.

### સમુદાય આધારિત બેઠકોમાં આવરી લેવાયેલા મુદ્દાઓ

1. પરિચયઃ આરટીઇ અને તેની ચાવીરૂપ જોગવાઈઓ (શિક્ષણના અધિકાર અધિનિયમનો સંદર્ભ)
- શું ગામમાં આરટીઇની જોગવાઈઓનો ભંગ કરતી કોઈ પ્રવૃત્તિ થઈ રહી છે?

2. આરટીઇને અસરકારક બનાવવા માટે આ પૈકીનાં કેટલાંક પાસાં મહત્વનાં છે. ગામની હાલની સ્થિતિ જણાવો.
- શું વર્ષના કોઈ પણ સમયે બાળકને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે; શું પછીથી પ્રવેશ મેળવનારાં બાળકો માટે ખાસ તાલીમ કાર્યક્રમની જોગવાઈ છે?
- શું શાળામાં ન આવતાં હોય તેવાં બાળકો ગામમાં છે અને તેઓ કોણ છે; તે બાળકોને શાળામાં પ્રવેશ અપાવવા માટે શું થઈ શકે તેમ છે?
- અનિયમિતતા પાછળ કયાં કારણો જવાબદાર છે અને આ કારણો કેવી રીતે દૂર કરી શકાય?
- બાળક માટે સાનુકૂળ શાળા માટેના મુદ્દા નીચે પ્રમાણે છેઃ (કોઈ પણ પ્રકારના ડર કે ભેદભાવ વિનાનું, આનંદપ્રદ શિક્ષણ)
  - નપાસ ન કરવાની નીતિ અને સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન
  - શારીરિક શિક્ષા પર પ્રતિબંધ
  - બાળકને સાનુકૂળ હોય તે ગતિએ શિક્ષણ આપવું (પ્રજ્ઞા)
  - મધ્યાહન ભોજન (નિયમિતતા અને ગુણવત્તા)
  - છોકરા-છોકરીઓ માટે અલગ શૌચાલયો

3. એસએમસીની રચના અને ચાવીરૂપ ભૂમિકા (પ્રક્રિયા અને જાગૃતિ)
- એસએમસીની રચના કેવી રીતે થઈ હતી?
- તેમાં કેટલા સભ્યો છે અને તે સભ્યો કોણ છે? (શું 12 સભ્યો છે; વંચિત બાળકોનાં માતા-પિતા સહિત વાલીઓની કુલ ટકાવારી 75 ટકા, 50 ટકા મહિલાઓ, બાળ પ્રતિનિધિઓ/ કેળવણીકારો, બાંધકામ મજૂરો, અન્ય કોઈ પણ)
- કેટલા સમયના અંતરે બેઠક યોજાય છે, શું બેઠકના સમય અંગે તેમનો અભિપ્રાય લેવામાં આવે છે અને કેટલા સભ્યો બેઠકમાં હાજર રહે છે?
- કેટલા સભ્યોએ આરટીઇ અને એસએમસી ભૂમિકા અંગે તાલીમ મેળવી છે?
- સભ્યો કેટલા સમયના અંતરે શાળાની મુલાકાત લે છે અને શા માટે શાળાની મુલાકાત લે છે?
- શાળાની વહીવટી કામગીરીમાં સામેલ થવા માટે તમારે કઈ જાણકારી મેળવવી જરૂરી છે અને તેની આડે કયા અવરોધો રહેલા છે?
- છેલ્લા 2-3 વર્ષમાં એસએમસીની કામગીરી દ્વારા કયા ફેરફારો કરવામાં આવ્યા છે? (શાળા પ્રવેશ અને હાજરી, શાળાની માળખાકીય સુવિધા અથવા શિક્ષણની ગુણવત્તા વગેરે)
- છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે, નિયમિતતા વધારવા માટે, શાળા છોડી દેવાનો દર ઘટાડવા માટે, વિકલાંગતા ધરાવતાં બાળકોના શાળા પ્રવેશ માટે, શિક્ષકોની નિયમિતતા સુનિશ્ચિત કરવા માટે તથા શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવા માટે એસએમસી શું કરી શકે?
- શું ગ્રામ પંચાયત એસએમસીના સભ્યો હોય તેવા શિક્ષકોને ગ્રામ સભા તથા અન્ય બેઠકોમાં હાજર રહેવા જણાવે છે?

**ઉપાયરૂપ પગલાં**

- જાગૃતિ ફેલાવવા માટે સમયાંતરે અભિયાન હાથ ધરવું
- એસએમસીની રચના વાલીઓની બેઠકમાં કે ગ્રામસભામાં થવી જોઈએ.
- નિયમિત બેઠકો (દર ત્રિમાસિક ગાળામાં એક બેઠક)
- શાળામાં સભ્યોનાં નામ, બેઠકો, મળેલું ભંડોળ અને તેના વપરાશની વિગતો જાહેર કરવી.
- સમુદાયને એસએમસીની રચનાની પ્રક્રિયાની જાણકારી પૂરી પાડવી
- એસએમસીના ભૂતપૂર્વ સભ્યો નવા સભ્યોને તાલીમ આપીને મદદરૂપ થઈ શકે છે.

- સમયસરની અને નિયમિત તાલીમ, તથા તાલીમ ન મેળવનારા અન્ય સભ્યોને તાલીમબદ્ધ સભ્યો પાસેથી તાલીમ મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવી.
- સહકર્મીઓની એકબીજાથી શીખ (જેમ કે, અમદાવાદમાં યોજાયેલું એસએમસી સંમેલન)

4. એસએમસી/સમુદાય અને શાળા વચ્ચેનો સંબંધ

- તે શા માટે જરૂરી છે?
- આ સંબંધ કેવો હોવો જોઈએ અને વર્તમાન સમયમાં કેવો છે?
- તેમાં કેવી રીતે સુધારો લાવી શકાય?
- કઈ વ્યક્તિ કયું કાર્ય કરી શકે છે?
- અન્ય પ્રદેશોની એસએમસીનાં હકારાત્મક ઉદાહરણો

5. વાલીઓએ વેઠવી પડતી મુશ્કેલીઓ

- શું તમે આરટીઇ વિશે સાંભળ્યું છે?
- શું 10 વર્ષ પહેલાં (આરટીઇ અધિનિયમ પહેલાં) જે રીતે શાળા ચાલતી હતી અને આજે જે રીતે ચાલે છે, તેની વચ્ચે કોઈ તફાવત જણાય છે?
- શાળામાં બાળકો અનિયમિત રહે છે તે પાછળનાં મુખ્ય કારણો કયાં છે?
- બાળકો, છોકરીઓ, વિકલાંગતા ધરાવનારાં બાળકો શા માટે શાળાએ જવાનું બંધ કરી દે છે?
- શાળાનાં વાતાવરણ વિશે બાળકોનું મંતવ્ય શું છે?
- શું બાળકોને શિસ્તમાં રાખવા માટે તેમને મારવા જોઈએ કે તેમને સજા કરવી જોઈએ?
- નો ડિટેન્શન પોલિસી વિશે તમારૂં શું માનવું છે?

## સમુદાયને આપેલ માહિતીની જાણકારી

### શાળા પ્રવેશ

- દર વર્ષે વધારો (સ્કૂલ પ્રમાણે)
- શાળા પ્રવેશોત્સવ જેવી પહેલને પગલે શાળામાં પ્રવેશના મહત્વ પર ભાર મૂકાયો છે
- શાળામાં ન જતાં હોય તેવાં સાત વર્ષ કરતાં વધુ વયનાં બાળકોને શાળા પ્રવેશ કરાવવો હજી પણ પડકારરૂપ છે.
- 2006માં, 6થી 14 વર્ષની વયજૂથનાં બાળકોમાં દર 100 બાળકોમાંથી લગભગ 6 બાળકો શાળા પ્રવેશથી વંચિત રહ્યાં હતાં, 2014માં આ પ્રમાણ દર 100 બાળકે 3નો રહ્યો હતો.
- ખાનગી શાળામાં પ્રવેશઃ 2006માં 100માંથી 5 બાળકોનો ખાનગી શાળામાં પ્રવેશ, 2014માં આ પ્રમાણ દર 100 બાળકોએ 13નો થયો.

### જન્મનું પ્રમાણ પત્ર/ઉંમરનો પુરાવો

- બાળકના વયના પુરાવા માટે જન્મના પ્રમાણપત્રની સાથે અન્ય દસ્તાવેજો. શાળામાં પ્રવેશ માટેના જરૂરી દસ્તાવેજો: (1) એએનએમ નોંધણી-પત્રક (રજિસ્ટર) રેકોર્ડ, (2) આંગણવાડી રેકોર્ડ, (3) બાળકના માતા-પિતા કે પાલક દ્વારા બાળકની વયનું નિવેદન
- વયનો પુરાવો ન હોય તેવા કિસ્સામાં પણ બાળકને શાળામાં પ્રવેશ આપવામાં આવશે અને તેની સાથે-સાથે વયના પુરાવાનો યોગ્ય દસ્તાવેજ મેળવી લેવાશે.

### શિક્ષણ સત્ર શરૂ થયા બાદ પ્રવેશ

- બાળક શાળામાં પ્રવેશ મેળવે એ તેનો મૂળભૂત અધિકાર છે અને કોઈ પણ સમયે તેના આ અધિકારને નામંજૂર કરી શકાય નહીં.
- શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયાના છ મહિના બાદ શાળામાં પ્રવેશનારાં બાળકો અભ્યાસ પૂરો કરી શકે તે માટે તે બાળકને શાળાના હેડ માસ્ટર દ્વારા નક્કી કરવામાં આવેલી ખાસ તાલીમ આપી શકાય.

### શાળા પ્રવેશ સમયે કસોટી નહીં લેવાની નીતિ

- કસોટી અને મુલાકાત સામાન્યપણે અભ્યાસ તરફની બાળકની રુચિ ઓછી કરી નાંખે છે.
- તે શીખવાની સંભવિતતામાં રહેલા જરૂરી તફાવતોને સ્થાને ઉછેરમાં રહેલા તફાવતો ઉજાગર કરે છે.
- આ નીતિ સામાજિક-આર્થિક પાર્શ્વભૂમિકા પર આધારિત અસમાનતાઓ દૂર કરે છે.
- વર્ગખંડમાં પ્રવર્તતી વૈવિધતા આંતર-શિક્ષણ તરફ, અસમાનતાઓ પરત્વે આદર કેળવવા તરફ, સહિષ્ણુતા અને સર્જનાત્મકતા તરફ દોરે છે.



## શાળા વ્યવસ્થાપન સમિતિનાં મુખ્ય પાસાંઓ

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009ની કલમ-21 અને ગુજરાત રાજ્યે ઘડેલા નિયમો-2012નાં નિયમ-16 અન્વયે શાળા સ્તરે ભણતરની ગુણવત્તા સુધારવા અને વ્યવસ્થાપનને અસરકારક બનાવવાનાં હેતુસર ફરજીયાતપણે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)ની રચના કરવામાં આવે છે. કાયદા મુજબ સમિતિમાં કુલ સભ્યોમાંથી 75 ટકા સભ્યો (જો 12 સમિતિનાં સભ્યો હોય તો 9 સભ્યો) ભણતા વિદ્યાર્થીઓના મા-બાપ/વાલી માંથી પસંદ કરવામાં આવે છે. વંચિત જૂથ અને નબળા વર્ગનાં બાળકોનાં મા-બાપ અથવા વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. કુલ સમિતિ સભ્યોમાંથી 50 ટકા સભ્યો મહિલા સભ્યો રહેશે.

સમિતિની બેઠક ઓછામાં ઓછી ત્રણ મહિનામાં એકવાર કરવાની રહેશે જેની કાર્યનોંધ અને નિર્ણયો યોગ્ય રીતે નોંધી વાંચવા અર્થે ઉપલબ્ધ કરાવવા.

સમિતિની મુખ્ય જવાબદારીઓ નીચે મુજબ છેઃ

1. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 મુજબ શાળા વિકાસનું આયોજન કરવું અને આયોજનનાં અમલની દેખરેખ રાખવી.
2. બાળકોનાં અધિકારનું ઉલ્લંઘન થયું હોય, ખાસ કરીને બાળકોને માનસિક, શારીરિક ત્રાસ, પ્રવેશનો ઈન્કાર અથવા જોગવાઈના કોઈ ઉલ્લંઘનની જાણ સ્થાનિક સત્તા મંડળનાં ધ્યાને લાવવી.
3. અશક્ત બાળકોની ઓળખ અને તેમની પ્રવેશ નોંધણી તેમજ તેમના માટેની સુવિધાઓનું દેખરેખ નિયંત્રણ રાખવું, પ્રારંભિક શિક્ષણમાં તેમની સહભાગીતા અને તેમણે પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરવા અંગેની બાબતો સુનિશ્ચિત કરવી.
4. બાળકોની હાજરી, નિયમિતતા અને શૈક્ષણિક પ્રગતિ પર દેખરેખ રાખવી.
5. શાળામાં મધ્યાહ્ન ભોજનનાં અમલીકરણ પર દેખરેખ રાખવું.
6. શાળામાં શીખવા માટે અનુકૂળ અને બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ ઊભું થાય તે માટે સફાઈ, સ્વચ્છતા, વૃક્ષારોપણ, રમતગમતની વ્યવસ્થાઓ થાય તે સુનિશ્ચિત કરવું.
7. બાળકોનું સ્વાસ્થ્ય જળવાય અને શીખવામાં પ્રગતિ થાય તે માટે સ્વાસ્થ્ય વિભાગ સાથે મળી નિયમિત રીતે સ્વાસ્થ્ય ચકાસણીનાં કાર્યક્રમો થાય તે સુનિશ્ચિત કરવું.
8. શાળામાં બાળકોને શીખવા માટે સુરક્ષિત તેમજ સન્માનજનક વાતાવરણ (બાળકોને મારવામાં કે શિક્ષા કરવામાં ન આવે, અપમાનિત ન કરાય, અભદ્ર ભાષામાં વાત કરવામાં ન આવે વગેરે)નું નિર્માણ થાય તે બાબત સુનિશ્ચિત કરવી.
9. આ સમિતિની મુદ્દત બે વર્ષની રહેશે, મદ્દત પુરી થયે સમિતિની પુનઃરચના કરવાની રહેશે. શાળા વ્યવસ્થાપનનો રોજીંદો વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રીની પસંદગી કરવી.
10. વાલી સભાની અથવા ગ્રામસભાની બેઠકમાં એસ.એમ.સી.ની પસંદગી કરવી.



**અનિયમિતતા**

- શિક્ષણ અને પ્રગતિ આડેનો તે મોટો અવરોધ છે.
- ઘણી વખત અનિયમિતતા પાછળનાં કારણો નિવારી શકાય તેવાં હોય છે. વળી, માતા-પિતા સાથે વાત કરવાથી પણ પરિસ્થિતિમાં સુધારો લાવી શકાય છે.
- અનિયમિતતા માટે પારિવારિક કારણો અને શાળાનાં કારણો એમ બંને પ્રકારનાં કારણો જવાબદાર હોઈ શકે છે અને આ કારણોનું નિરાકરણ લાવવું જરૂરી છે.

### સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન (કન્ટિન્યુઅસ એન્ડ કોમ્પ્રિહેન્સિવ ઈવેલ્યુએશન – સીસીઇ)

- શિક્ષા તથા નપાસ થવાની બીકને બદલે, આવી વ્યવસ્થામાં ગુણવત્તામાં સુધારો લાવવાની શ્રેષ્ઠ સંભાવના રહેલી છે. કલમ



13 હેઠળ આપવામાં આવેલી સમજૂતી અનુસાર, દરેક બાળક શીખવા માટેની સમાન સંભાવના ધરાવે છે. કોઈ બાળક ભણવામાં 'ધીમું' કે 'નબળું' હોય કે બાળક 'નપાસ' થાય, તો તેનો અર્થ એ નથી કે બાળક જન્મથી જ શીખવામાં નબળું છે. ઘણી વખત, શાળાકીય પરિસ્થિતિમાં રહેલી અપૂર્તતા, બાળકને મદદ કરવા માટેની તથા તેની સંભવિતતા જાણવા માટેની વ્યવસ્થાનો અભાવ જવાબદાર હોય છે. તેનો અર્થ એ છે કે બાળક નહીં, બલ્કે શિક્ષણ વ્યવસ્થાને નિષ્ફળતા મળી છે.

- આ માટે બાળકને એક જ ધોરણમાં રાખીને તેને સજા કરવાને બદલે શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તામાં સુધારો કરવાની જરૂર છે.
- તમામ બાળકો પ્રકૃતિદત્ત જ અભિપ્રેરિતિ હોય છે અને શીખવા માટે સક્ષમ હોય છે.
- શીખવાની પ્રક્રિયા શાળાની અંદર અને શાળાની બહાર, એમ બંને સ્થળોએ થતી હોય છે.
- શિક્ષણનો અર્થ કેવળ પુસ્તકો મોંઢે કરવા પૂરતો સીમિત નથી. શિક્ષણનો ઉદ્દેશ્ય બાળકનું સર્વાંગી વ્યક્તિત્વ ખીલવવાનો છે.
- જો બાળકો પરીક્ષામાં સારો દેખાવ કરવા માટે ભણતા હોય, તેના બદલે જો તેમને વિભાવનાઓ સાથે સંકળાવાની તક અને સમય આપવામાં આવે, તો તે વિભાવના તેમને વધુ સ્પષ્ટતા સાથે યાદ રહેશે.
- બાળકો જે શીખી રહ્યાં હોય, તેનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. વર્ષોના અનુભવોના આધારે એ સ્પષ્ટ થયું છે કે બહાર લેવાતી પરીક્ષાઓના બદલે, નિયમિત ધોરણે શાળા આધારિત આંતરિક મૂલ્યાંકન કરવામાં આવે, તો તે વધુ સુસંગત અને ઉપયોગી નીવડે છે. આ પદ્ધતિ બાળકો પુસ્તકોમાંથી જે ભણ્યાં તેની સાથે-સાથે વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ, રસ અને અભિગમો પર પણ ભાર મૂકે છે. તેનો અર્થ એ પણ છે કે બાળકે વૈકલ્પિક પદ્ધતિઓથી શીખવાની જરૂર છે કે કેમ તેનું મૂલ્યાંકન તેની શાળાનો શિક્ષક કરી શકે છે.

• બોજ વિનાના ભણતરને મહત્વ આપવું જોઈએ.
• બાળકની નબળાઈઓ વિશે જાણકારી મેળવવા માટે અને તેમાં સુધારો લાવવા માટે અવાર-નવારનાં મૂલ્યાંકનો મદદરૂપ બની શકે છે.
• કસોટીને બદલે સાકલ્યવાદી શિક્ષણનો અમલ - સુયોગ્ય નાગરિકો તૈયાર કરવા, યોગ્ય કૌશલ્યો અને આવકાર્ય ગુણો વિકસાવવાં

**શારીરિક શિક્ષા નહીં**

- સજા અને ડર હોય, તો જ બાળકો શિસ્તમાં રહેતા હોવાની વ્યાપક ગેરમાન્યતા પ્રવર્તે છે.
- વિશ્વભરના કેળવણીકારો એક સૂરમાં જણાવે છે કે નિર્માણાત્મક વર્ષોમાં શીખવા માટેનું વાતાવરણ મળી રહે - તે પરિપક્વ નાગરિકનું સર્જન કરવા માટેની ચાવી છે. શાળાએ જેલની માફક સુધારણા કેન્દ્ર બનવાને બદલે ઉપર જણાવ્યા પ્રમાણેના વાતાવરણનું સર્જન કરવું જોઈએ.
- શારીરિક સજા અને માનસિક આઘાત એ વિપરિત સ્થિતિનું નિર્માણ કરે છે અને તેના કારણે બાળક અગાઉની સરખામણીમાં વધુ બંડખોર બને છે.
- બાળપણ એ સરળતાથી પ્રભાવિત થઈ જવાની અને નાજુક અવસ્થાની વિભાવના સૂચિત કરે છે. આથી, બાળપણનો તબક્કો રક્ષણ અને પાલન-પોષણ માગી લેતો તબક્કો છે.
- બાળકોનાં શરીર નાજુક હોય છે. નજીવી સજા પણ ઈજામાં પરિણમી શકે છે. બાળકને માત્ર થપ્પડ મારવામાં આવે તો પણ બાળક બધિર થઈ શકે છે. શારીરિક સજાને કારણે બાળકોને ગંભીર ઈજા પહોંચી હોવાનાં સેંકડો કિસ્સા મોજૂદ છે. શારીરિક સજા અનિવાર્યપણે માનસિક આઘાત સાથે જોડાયેલી છે. તમામ પ્રકારનાં શારીરિક સજા અને માનસિક આઘાત બિન-સલામત અને આરોગ્ય માટે જોખમી છે. ■

# વૃદ્ધો માટે નહિ ચૂકવાયેલા પેન્શનને મુક્ત કરાવવા માટેની પ્રક્રિયા

દેશના પછાત જિલ્લાઓમાં 'જાહેર યોજનાઓ અંગેની માહિતીની પહોંચમાં સુધારો' કરવા માટેના પ્રોજેક્ટના ભાગરૂપે, 'ઉન્નતિ'ના **યોગેન્દ્ર કટેવા**એ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં વૃદ્ધો માટેની પેન્શન યોજનાની પહોંચ અંગેના તેમના અનુભવો રજૂ કર્યા છે.

ભારત એક કલ્યાણકારી દેશ છે અને દેશના નાગરિકોને કલ્યાણકારી યોજનાઓના અધિકારો અને પહોંચ (પ્રાપ્યતા) સુનિશ્ચિત કરવાની ભારત સરકારની જવાબદારી છે. સમાજમાં વૃદ્ધ નાગરિકો, નિરાધાર વ્યક્તિઓ, વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ, વિધવા, અનાથ બાળકો વગેરે જેવાં વંચિત લોકોની સમાજ દ્વારા ઉપેક્ષા કરવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લામાં નવા રચાયેલા પોશીના તાલુકાની 17 ગ્રામ પંચાયતો હેઠળના 59 ગામોમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે છે.

બંધારણની કલમ 41 શિક્ષણના અધિકાર, રોજગારીના અધિકાર અને સામાજિક સહાયના અધિકાર સંદર્ભે છે. તેને ધ્યાનમાં રાખીને 15મી ઓગસ્ટ, 1995થી રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (નેશનલ સોશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ) અમલમાં આવ્યો. આ કાર્યક્રમ હેઠળ યોગ્યતા ધરાવતા લાભાર્થીઓને વૃદ્ધ વ્યક્તિઓ માટેનું પેન્શન આપવામાં આવે છે. વૃદ્ધ વ્યક્તિઓ માટેના પેન્શનની યોજના હેઠળ આપવામાં આવતી રકમ, વિવિધ રાજ્ય સરકારોની માર્ગદર્શિકા અનુસાર જુદી-જુદી હોય છે. ગુજરાત સરકાર આ યોજના હેઠળ 60-79 વર્ષના અરજીકર્તાઓ માટે માસિક રૂ. 400 અને 80 વર્ષ કરતાં વધુ વયના અરજીકર્તાઓ માટે માસિક રૂ. 700નું પેન્શન આપે છે. ગુજરાત સરકાર દ્વારા પસાર કરવામાં આવેલી માર્ગદર્શિકાઓ પ્રમાણેની શરતો નીચે પ્રમાણે છેઃ (2002માં હાથ ધરાયેલા ગરીબી રેખા હેઠળના સર્વે અનુસાર જરૂરિયાતમંદ પરિવારો માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલો પ્રાથમિકતા ક્રમ)

- અરજીકર્તાની વય 60 વર્ષ કરતાં વધુ હોવી જોઈએ.
- અરજીકર્તા 0-16ની બીપીએલ શ્રેણીમાં આવતો હોવો જોઈએ

જો લાભાર્થી ઉપરોક્ત માપદંડ મુજબની યોગ્યતા ધરાવતો હોય તો યોજનાનો લાભ મેળવવા માટે અરજીનું ફોર્મ ભરવાનું રહે છે. અરજીને મંજૂર કરાવવા માટે સહાયક દસ્તાવેજોની સાથે તેને મામલતદાર કચેરીએ સુપરત કરવાની રહે છે. યોગ્યતા ધરાવતા લાભાર્થીઓ આ અરજી સીધી જ જે-તે ગ્રામ પંચાયતના કમ્પ્યુટર ઓપરેટર કે સરપંચ કે તલાટીને સુપરત કરી શકે છે. પરંતુ ગ્રામ પંચાયત તેને સુપરત કરવામાં આવેલી અરજી અંગેની રસીદ આપતી ન હોવાથી લોકોને ગ્રામ પંચાયતની કામગીરી પર વિશ્વાસ નથી અને તેથી તેઓ ગ્રામ પંચાયતમાં અરજી આપવાનું પસંદ કરતા નથી. તેને સ્થાને અરજીકર્તાઓ કાં તો ફોર્મને સીધું જ તાલુકા કચેરીએ સુપરત કરવાનું અથવા તો ગ્રામકક્ષાના સ્વયંસેવકો કે આ હેતુ માટે તે વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે જેવી વૈકલ્પિક વ્યવસ્થાઓનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. પેન્શનની અરજી કરવા માટેના જરૂરી સહાયક દસ્તાવેજો આ પ્રમાણે છેઃ

1. પીએચસી કે સીએચસીના મેડિકલ ઓફિસર અપાતું ઉંમરનું પ્રમાણપત્ર.
2. ગ્રામ પંચાયત પસાર કરવામાં આવેલી બીપીએલ શ્રેણીનું પ્રમાણ પત્ર (અરજીકર્તા 0-16ના બીપીએલ વર્ગમાં આવતો હોવો જોઈએ)
3. રેશન કાર્ડની ઝેરોક્સ (નકલ જેમાં રેશન કાર્ડમાં અરજીકર્તાનું નામ દાખલ થયેલું હોવું જોઈએ)
4. અરજીકર્તાનું મતદાર ઓળખપત્ર (વોટર આઇડી)
5. આધાર કાર્ડની નકલ (નવેમ્બર, 2015 બાદ થયેલો ઉમેરો)
6. બેન્ક ખાતા પાસબૂકની નકલ (નવેમ્બર, 2015 બાદ થયેલો ઉમેરો)
7. પેન્શન મંજૂર થઈ જાય ત્યારબાદ દર વર્ષે લાભાર્થીઓનું 'હયાતીનું પ્રમાણપત્ર' સુપરત કરવું જરૂરી છે.

સામાન્ય રીતે, અરજી સાથે સુપરત કરવાના રહેતા દસ્તાવેજો વિશે જાણકારીનો અભાવ વર્તાય છે. મોટાભાગના સંભવિત લાભાર્થીઓ, જાણતા જ નથી કે તેઓ લાયકાત ધરાવે છે. અરજીની સાથે કયા દસ્તાવેજો સુપરત કરવા જરૂરી છે, તે સહાયક દસ્તાવેજો કેવી રીતે એકત્રિત કરવા અને અરજી સુપરત કરવા માટેના સંબંધિત વિભાગો વિશે પણ તેમને માહિતી હોતી નથી.

ગુજરાત સરકારના નિયમ અનુસાર, સાબરકાંઠા જિલ્લાના પોશીના

તાલુકાના યોગ્યતા ધરાવતા ઘણા લાભાર્થીઓએ વર્ષ 2014-2015 દરમિયાન સંબંધિત સત્તાતંત્ર કે વિભાગોમાં ઇંદિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (વય વંદના)ની અરજીઓ સુપરત કરી છે. 'ઉન્નતિ'ના કાર્યકર્તાએ, બિન-સરકારી સંગઠનોના સાથી-કાર્યકર્તાઓએ અને જુદાં-જુદાં ગામોના સ્વયંસેવકોએ માહિતીનો પ્રસાર કરીને, દસ્તાવેજો એકત્રિત કરવામાં અને અરજી સુપરત કરવા જેવી વિવિધ કામગીરી દ્વારા લાભાર્થીઓને મદદપૂરી પાડી હતી.

તાલુકા સત્તાતંત્રના જણાવ્યા પ્રમાણે, વર્ષ 2015ના અંત સુધીમાં સમગ્ર પોશીના તાલુકામાંથી વૃદ્ધો માટેના પેન્શનની 750 કરતાં વધુ અરજીઓ, મંજૂરી માટેની યાદીમાં સામેલ થઈ હતી. 750માંથી 450 અરજીઓ 2015ના વર્ષમાં જ મંજૂર થઈ ગઈ હતી. મામલતદાર સાથે ઘણી સલાહ-મસલત અને બેઠકો કર્યા બાદ આ 750 લાભાર્થીઓની યાદી નક્કી કરતાં પોશીના તાલુકાના સત્તાતંત્રને 3 મહિનાનો સમય લાગ્યો હતો. અધિકારીઓના મતાનુસાર, નવા રચાયેલા પોશીના તાલુકામાં, સ્ટાફના અભાવને કારણે તથા ખેડબ્રહ્મા તાલુકાના મર્યાદિત સ્ટાફ પર રહેલા કામના ભારણને કારણે આ કામગીરીમાં આટલો વિલંબ થયો હતો.

જુલાઈ, 2015માં વિવિધ સામુદાયિક બેઠકો દરમિયાન જાણવા મળ્યું હતું અને સમુદાયના આગેવાનો દ્વારા પણ એ નોંધવામાં આવ્યું હતું કે, લોકોને એપ્રિલ, 2015થી મળવાપાત્ર લાભ મળી રહ્યો નથી. આ અંગે તંત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપ્યો હોવાનો સમુદાયમાં ગણગણાટ થઈ રહ્યો હતો. ત્યારબાદ તરત જ આ મામલા અંગે મામલતદાર કચેરીમાં રજૂઆત કરવામાં આવી. ત્યાંથી એવી સ્પષ્ટતા કરવામાં આવી કે 2015 માટેનું ભંડોળ હજી આપવામાં આવ્યું નથી. ડિસેમ્બર, 2015 દરમિયાન ફરીથી આ મામલે મામલતદાર અને જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી. ભંડોળની અપ્રાપ્યતા ઉપરાંતનું બીજું એક કારણ એ પણ સામે આવ્યું કે લાભાર્થીઓ બેન્કમાં ખાતું અથવા તો આધાર કાર્ડ નહોતા ધરાવતા. દેના ગ્રામીણ બેન્કના મેનેજર તથા સ્ટાફે તે વર્ષ માટેનાં તેમનાં લક્ષ્યાંકો પૂરાં કરી દીધા હોવાથી તથા ઝીરો બેલેન્સ બેન્ક એકાઉન્ટ ન ખોલાવવા અંગેની તેમને સૂચના મળી હોવાથી ખાતાં ખોલાવવા માટેનું તેમનું વલણ ઉદાસીન હતું. તેથી, બેન્કમાં ખાતાં ખોલાવવાનું કાર્ય મુશ્કેલ બની ગયું. આ મામલે મામલતદાર કચેરીએ સંયુક્ત બેઠકો યોજાઈ.

જાન્યુઆરી, 2016 દરમિયાન નિયામક, સમાજ સુરક્ષા વિભાગનો સંપર્ક સાધી અને ભંડોળની અછતની સમસ્યા તરફ તેમનું ધ્યાન દોરવામાં આવ્યું. અમને માલૂમ પડ્યું કે રાજ્ય માટે ઘણું ઓછું બજેટ ફાળવાયું હોવાથી સમગ્ર રાજ્યમાં વૃદ્ધો માટેનું પેન્શન ચૂકવાયું ન હતું. ત્યાર બાદ નિયામક, સમાજ સુરક્ષા વિભાગે નાણાં વિભાગનો સંપર્ક સાધતાં આખરે માર્ચ 2016માં ભંડોળ આપવામાં આવ્યું. વર્ષ 2015-2016 માટે ઓછું બજેટ મંજૂર થયું હોવાથી આપવામાં આવેલી રકમ પૂરતી તો નહોતી પણ આ રકમથી દરેક લાભાર્થીને થોડા મહિનાઓ સુધી રાહત મળે તેમ હતી.

સરકારી સત્તાતંત્રોએ પૂરા જોશ સાથે વર્ષ 2014માં જન-ધન યોજના શરૂ કરી હતી અને આ યોજનાને દેશના નાગરિકોનો ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ સાંપડ્યો હતો. જેના પગલે વિક્રમજનક ધોરણે બેન્ક ખાતાંઓ ખોલાવવામાં આવ્યાં હતાં અને નાણાંકીય ક્ષેત્ર સાથે જોડાણ થયું હતું. આ અભૂતપૂર્વ ધસારાથી પ્રભાવિત થઈને તાલુકા સત્તાતંત્રએ (આધાર કાર્ડને ખાતા સાથે લિન્ક કરીને) પેન્શનની રકમને સીધી જ લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરાવવાનું સૂચન કર્યું હતું. જેથી, કાર્યનું ભારણ ઓછું થાય, લાભાર્થીની વિગતો ફરીથી ભરવી ન પડે અને ભંડોળ મેળવવા માટે અન્ય ખાતા પરની નિર્ભરતા ઓછી થાય. પરંતુ, અરજી જમા કરાવતી વખતે ગણ્યાગાંઠ્યા અપવાદોને બાદ કરતાં, કોઈ લાભાર્થીએ બેન્કનો ખાતા નંબર અને આધાર કાર્ડ નંબર આપ્યો નહીં. આ પ્રયત્ન કરવા પાછળનું અન્ય કારણ એ પણ હતું કે આ રીતે સંબંધિત જિલ્લા ખાતું મળવાપાત્ર રકમ સીધી જ લાભાર્થીના ખાતામાં જમા કરાવી શકે અને ચૂકવણી ન થવા અંગેની પરિસ્થિતિ ઉદ્ભવે જ નહીં.

આ સંદર્ભે, દસ્તાવેજો એકત્રિત કરવાનું કાર્ય સંબંધિત તલાટીઓ અને ગામો કે પંચાયતોના વાજબી ભાવની દુકાનના માલિકોને સોંપવામાં આવ્યું હતું. આ પ્રક્રિયામાં અમારી ટીમે પણ તાલુકા સત્તાતંત્રને મદદ કરવાની જવાબદારી ઉઠાવી હતી. સમુદાય સ્તરની બેઠકમાં,નાગરિક આગેવાનોની બેઠકમાં તથા ગામોમાં રહેઠાણોની મુલાકાતો દરમિયાન યાદી આપવામાં આવી હતી. માર્ચ, 2016ના અંત સુધીમાં મામલતદાર કચેરીને લાભાર્થીઓના આશરે 500 ખાતા નંબરો અને આધાર કાર્ડ નંબરો મળ્યા હતા. પરંતુ, તમામ લાભાર્થીઓના ખાતા નંબર અને આધાર નંબર ઉપલબ્ધ ન હોવાને કારણે બેન્ક મારફત ચૂકવણી થઈ શકી ન હતી અને મામલતદાર ઓફિસે ભારતીય પોસ્ટ વ્યવસ્થાની મદદથી મની ઓર્ડર થકી ચૂકવણી કરવાનું નક્કી કર્યું હતું. એપ્રિલ, 2016માં લાભાર્થીઓની યાદી સાથે મળવાપાત્ર રકમના ચેક ચૂકવણી માટે તાલુકા પોસ્ટ ઓફિસ સત્તાતંત્રોને મોકલવામાં આવ્યા હતા. પરંતુ, લાભાર્થીઓને 2016ના મે મહિનાના અંત સુધી પેન્શનની રકમ મળી ન હતી.

મામલતદાર સાથે આ મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. જેની પ્રતિક્રિયારૂપે, મામલતદાર કચેરીએ ભારતીય પોસ્ટલ સેવા વિભાગને ચૂકવણી ન થઈ હોવા બદલ સ્પષ્ટતા કરવાની માંગણી કરતો પત્ર

પાઠવ્યો હતો. પોસ્ટ ખાતાએ મે 2016માં એવો જવાબ આપ્યો હતો કે લાભાર્થીઓની યાદી સ્થાનિક ભાષામાં આપવામાં આવી હતી. જ્યારે, પોસ્ટલ સેવાને એ નામો અંગ્રેજી ભાષામાં જોઈએ છીએ. આથી, લાભાર્થીઓનાં નામ અંગ્રેજીમાં આપવામાં આવ્યાં.

આખરે, જૂન, 2016ના બીજા અઠવાડિયે ચોમાસાના પ્રારંભ સાથે લોકોના ચહેરા આનંદથી ખીલી ઊઠ્યા. નાગરિક આગેવાનો અને અન્ય હિસ્સાધારકોએ રાહતનો દમ ખેંચ્યો, કારણ કે સમુદાયના સભ્યો દસ્તાવેજો લઈને કશું ન કરી શકવા બદલ તેઓને જવાબદાર ઠેરવતા હતા. કેટલાક પેન્શનધારકોને તો પેન્શનપેટે વ્યક્તિદીઠ રૂ. 4,800થી લઈને રૂ. 12,000 સુધીની રકમ મળી હતી. એક નાગરિક આગેવાને જણાવ્યું હતું કે, અમને ઘણી ઊંચી રકમ મળી છે અને જરૂરના સમયે જ આ રકમ અમને મળી છે. લોકો પાસે બિયારણ અને અન્ય ખેતીકીય આગત ખરીદવાના પૈસા નહોતા અને હવે, કૃષિકીય આગત માટે તેમણે પોતાની મિલકત ગીરવે નહીં મૂકવી પડે.

વૃદ્ધ વ્યક્તિઓ માટેની પેન્શન યોજના હેઠળ લાભાર્થીને મળતી રકમ તેના પરિવારના ખર્ચને પહોંચી વળવા માટે તદ્દન નજીવી કહી શકાય તેવી હોવા છતાં, જરૂરિયાતમંદ પરિવારની જીવન અને પોષણ સંબંધિત સ્થિતિમાં તે ઘણી મહત્વની અને સહાયક ભૂમિકા ભજવે છે. જો આ રકમ સમયસર આપવામાં આવે તો પરિવારની આખા મહિનાના સીધા-સામગ્રીની જરૂરિયાત સંતોષાઈ શકે છે.

કેટલાક પેન્શનધારકોએ જણાવ્યું હતું કે આ પેન્શનને કારણે તેઓ પોતાના માટે કપડાં લઈ શકે છે, તો વળી કેટલાંકે જણાવ્યું હતું કે પેન્શનને કારણે તેઓ શાંતિ અનુભવે છે. અમુક લોકોએ જણાવ્યું હતું કે પેન્શનને કારણે તેઓ તહેવારો દરમિયાન પોતાની પાસે પૌત્ર-પૌત્રીઓને આપવા માટે થોડી રોકડ રકમ હાથ પર રહે છે.

પેન્શનની રકમને લાભાર્થીના ખાતામાં જમા કરાવવા માટે રાજ્ય સત્તા તંત્ર દ્વારા ભરવામાં આવેલું આ પગલું મળવાપાત્ર લાભોની સમયસરની પહોંચ સુનિશ્ચિત કરે છે. જન ધન યોજના દરમિયાન ખોલાવવામાં આવેલા પણ ઉપયોગમાં ન લેવાતા ખાતાનો લોકો ઉપયોગ કરશે અને તેના કારણે બચતની ટેવ પણ કેળવાઈ શકે છે. આ ઉપરાંત, આ વ્યવસ્થાને પગલે જીવન-ધોરણની સ્થિતિમાં સુધારો થશે અને વૃદ્ધ વ્યક્તિઓ સમાજમાં આદરભેર ગૌરવપ્રદ જીવન જીવી શકશે. ■

**જાહેર કાર્યક્રમો અંગે માહિતી અને સમસ્યાઓની ફરિયાદ માટે ટોલ ફ્રી/હેલ્પલાઈન ફોન નંબર**

| | |
|---|---|
| ૧. સર્વ શિક્ષા અભિયાન – એસ.એ.એ. | 1800-233-7965 |
| ૨. હેલો સખી – મહિલા ઈમર્જન્સી હેલ્પલાઈન | 1091 |
| ૩. મહિલા અત્યાચાર (વીમેન વાયોલન્સ) | 1800-233-1111 |
| ૪. અભ્યમ મહિલા હેલ્પલાઈન | 181 |
| ૫. ચાઈલ્ડ લાઈન | 1098 |
| ૬. મુખ્યમંત્રી અમૃતમ્ (માઁ) યોજના | 1800-233-1022 |
| ૭. મનરેગા | 1800-233-4567 |
| ૮. જાહેર વિતરણ યોજના, નોકરી, વિકલાંગતા માટે માહિતી | 1800-233-5500 |
| ૯. ગુજરાત રાજ્ય ગ્રાહક હેલ્પલાઈન | 1800-233-0222 |

# 'યુનિફૉર્મ સિવિલ કોડ'ની નહીં, પરંતુ હક્કોની એકરૂપતાનો અમલ વધુ જરૂરી છે'

**ફ્લેવિયા એગ્નેસ** - લગ્ન, છૂટાછેડા તથા મિલકત સંબંધી કાયદાઓનાં નિષ્ણાત અને જાણીતાં વકીલ છે. તેમણે વિવિધ લેખો લખ્યા છે તેમ જ પ્રકાશિત થયા છે. જે પૈકીના કેટલાક લેખો 'સબોલ્ટર્ન સ્ટડીઝ, ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી' તેમ જ 'માનુષી'માં પ્રસિદ્ધ થયા છે. આ લેખો લઘુમતી સમુદાય અને કાયદો, જાતિ (સ્ત્રી-પુરુષ) અને કાયદો, મહિલાઓની ચળવળના સંદર્ભમાં કાયદો, ઘરેલૂ હિંસા તથા નારીવાદી કાયદાશાસ્ત્ર જેવા મુદ્દાઓને સ્પર્શે છે. ફ્લેવિયા એગ્નેસ 1988થી મુંબઈ હાઈકોર્ટમાં વકીલ તરીકેની પ્રેક્ટિસ કરી રહ્યાં છે. ઘરેલૂ હિંસાના જાત અનુભવને પગલે તેમને મહિલા હક્કો માટેનાં વકીલ બનવાની પ્રેરણા મળી. તેઓ સરકારને કાયદાના અમલીકરણ અંગે સલાહ-સૂચન પૂરાં પાડે છે અને હાલમાં તેઓ મહારાષ્ટ્રમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનાં સલાહકાર છે. મધુશ્રી દત્તા સાથે મળીને ફ્લેવિયા એગ્નેસે 'મજલિસ' (અરેબિક અર્થ સંગઠન)ની સ્થાપના કરી છે. કાયદાકીય અને સાંસ્કૃતિક સંસાધનના કેન્દ્ર - મજલિસ દ્વારા મહિલાઓના લગ્નવિષયક હક્કો, બાળકનો કબ્જો મેળવવો વગેરે જેવા મુદ્દાઓ પર ઝુંબેશ ચલાવે છે અને મહિલાઓ માટે કાનૂની પ્રતિનિધિત્વ પૂરૂં પાડે છે. 1990માં સ્થાપના થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં મજલિસે 50,000 મહિલાઓને કાનૂની સેવાઓ પૂરી પાડી છે, જેમાંની ઘણી મહિલાઓ નિરાધાર છે. બુલા દેવીને આપેલી મુલાકાતમાં તેઓ બહુચર્ચિત 'યુનિફૉર્મ સિવિલ કોડ'ને સ્થાને હક્કોની એકરૂપતાના અમલની જરૂરિયાત પર ભાર મૂકે છે.



**સવાલઃ** શું તમને લાગે છે કે 'યુનિફૉર્મ સિવિલ કોડ' કે તમામ ધર્મોની પ્રથાઓ અને પર્સનલ લૉનું સંહિતાકરણ જાતિગત સમાનતા સુનિશ્ચિત કરે છે?

**જવાબઃ** મને નથી લાગતું. જ્યારે હિંદુ લગ્નના કાયદાઓનું સંહિતાકરણ કરવામાં આવ્યું, ત્યારે હિંદુઓના તમામ સંપ્રદાયોમાંથી બહુપતિત્વ કે બહુપત્નીત્વની પ્રથા પર પ્રતિબંધ ફરમાવી દેવાયો હતો. શું તેનાથી હિંદુઓમાં દ્વિપતિત્વ કે દ્વિપત્નીત્વના પ્રમાણમાં ઘટાડો થયો છે? આંકડાઓ જુદું જ ચિત્ર વર્ણવે છે. ઊલટું, આવા ધારાને કારણે બીજી પત્ની પોતાના જાળવણી અને રહેઠાણ વગેરેના તેના અધિકારથી વંચિત રહે છે. એટલું જ નહીં, તેમનું ગૌરવ પણ છિનવાઈ જાય છે, કારણ કે અદાલતની કાર્યવાહીમાં આવી મહિલાઓને ઉપપત્ની કે રખાત તરીકે ઉલ્લેખવામાં આવે છે. બંધારણ મહિલાઓના ચોક્કસ વર્ગનું રક્ષણ કરતું હોવા છતાં, આ મહિલાઓ બંધારણની કલમ 21 હેઠળ ગૌરવપ્રદ જીવન જીવવાના અધિકારથી વંચિત રહે છે.

આ જ પ્રમાણે, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ (ચાઇલ્ડ મેરેજ રિસ્ટ્રેઇન્ટ એક્ટ) અને હિંદુ છોકરીઓ માટે લગ્નની લઘુત્તમ વય 18 વર્ષ નિયત કરવામાં આવી તેના કારણે બાળ લગ્નોનું પ્રમાણ ઘટ્યું છે. જો કે, આંકડાઓ જુદું ચિત્ર ઉપસાવે છે. મુસ્લિમોની તુલનામાં હિંદુઓમાં બાળ લગ્નનું પ્રમાણ ઘણું જ વધારે છે. કાયદાને પગલે નહીં, બલ્કે સમુદાયની આર્થિક સ્થિતિમાં સુધારો થાય, તો બાળ લગ્નનું પ્રમાણ નીચું આવશે. આપણે સમસ્યાના ફક્ત એક પાસાં પર જ ધ્યાન આપી રહ્યા છીએ. આપણે વિચારીએ છીએ કે 'યુનિફૉર્મ સિવિલ કોડ' કે મુસ્લિમોમાં નિશ્ચિત પ્રથાઓ પર પ્રતિબંધ લાદવાથી તમામ મહિલાઓ સ્વતંત્રતા મેળવી શકશે. આ આધાર કાયદા સુધારણાની વાસ્તવિકતાને નજર અંદાજ કરે છે.

**સવાલઃ** શું બહુપત્નીત્વ, બહુપતિત્વ કે મૈત્રી કરાર પર પ્રતિબંધ ફરમાવી દેવો જોઈએ?

**જવાબઃ** જો આ પ્રથાઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે, અને તેમ છતાં પુરુષો એકથી વધુ પત્નીઓ રાખે, તો આવા સંબંધોમાં મહિલાઓનું રક્ષણ કેવી રીતે કરવું? જાતિગત ન્યાયની દ્રષ્ટિએ જોતાં આ મુદ્દાનું મહત્વ સમજાય છે. કેટલીક વખત મહિલાઓ પ્રથમ લગ્ન વિશે જાણતી હોય છે, જ્યારે કેટલીક વખત પુરુષો પ્રથમ લગ્નની હકીકત ઈરાદાપૂર્વક છૂપાવતા હોય છે. બહુપત્નીત્વની છૂટ આપવામાં આવી છે તેવા મુસ્લિમ સમુદાયમાં દરેક મહિલા (પત્ની) સમાન દરજ્જો ધરાવે છે અને તેને તેના હક્કોથી વંચિત રાખી શકાય નહીં. પણ, જો બહુપત્નીત્વ પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવે, તો પુરુષો તેનો પૂરેપૂરો લાભ ઊઠાવી શકે છે, તેમનું જાતીય શોષણ કરી શકે છે અને તે મહિલાની કોઈપણ પ્રકારની આર્થિક જવાબદારી ઊઠાવ્યા વિના તેને તરછોડી શકે છે, અને એવો બચાવ આગળ ધરી શકે છે કે તે મહિલા તેની બીજી પત્ની છે અને તેનાં પ્રથમ લગ્ન અકબંધ છે. આ કારણોસર પ્રોટેક્શન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ 'લગ્ન જેવા સંબંધ' શબ્દ પ્રયોજીને આવા સંબંધોમાં મહિલાઓના અધિકારો સુરક્ષિત કરવાનો પ્રયત્ન કરે છે.

**સવાલઃ** ત્રણ તલાકની પ્રથા નાબૂદ કરવામાં રાજ્યએ દરમિયાનગીરી કરવી જોઈએ?

**જવાબઃ** આ પ્રશ્ન ગેરસમજ અને કાયદા અંગેના અજ્ઞાનથી ભરેલો છે. 2002માં શમિમ આરાના કેસમાં સુપ્રીમ કોર્ટે મુસ્લિમ લગ્નનો અંત આણવાની સાચી પ્રક્રિયા સૂચવી હતી. ઘણી હાઇકોર્ટો સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને અનુસરે છે. આથી, સાચી પ્રક્રિયા સૂચવવી અને ત્રણ તલાક અમાન્ય છે એવું ઠરાવવું એ નવી બાબત નથી. જ્યારે 2002માં શમિમ આરા કેસનો ચુકાદો આવ્યો ત્યારે માધ્યમોએ તેની ઉપેક્ષા કરી અને હવે તેઓ આ સમગ્ર મુદ્દાને કોમવાદી સ્વરૂપ આપી રહ્યાં છે.

**સવાલઃ** ખ્રિસ્તીઓમાં છૂટાછેડા લેવા માટેનો સમયગાળો (ડિવોર્સ વેઇટિંગ પિરીયડ) છે, તે બે વર્ષથી ઘટાડીને એક વર્ષનો કરવો જોઈએ?

**જવાબઃ** હા, આ કાયદો અસ્તિત્વ ધરાવે છે અને આ અસમાનતાને સુધારા દ્વારા સરળતાથી દૂર કરી શકાય છે. ભારતીય છૂટાછેડા અધિનિયમ (ઇન્ડિયન ડિવોર્સ એક્ટ) સંદર્ભે કોઈ ધર્મવાદ નથી પ્રવર્તતો. આ સંસદનો કાયદો છે અને તેમાં સરળતાથી સુધારો કરી શકાય છે.

**સવાલઃ** યુનિફોર્મ સિવિલ કોડને અમલી બનાવતાં પહેલાં, શું સમાજ તથા સરકારની માનસિકતામાં પરિવર્તન લાવવાની જરૂર છે?

**જવાબઃ** જો એકસમાન દીવાની કાયદો લઘુમતિ-વિરોધી રીતે તેમ જ બિન-અસરકારક રીતે તૈયાર કરવામાં આવ્યો હશે, તો હંમેશા તેની સામે વિરોધ ઊઠશે. માધ્યમોએ મહત્વના સીમાચિહ્નની તથા ન્યાયવિષયક ચુકાદાઓ દ્વારા કાયદા ક્ષેત્રે થયેલા વિકાસની અવગણના કરી છે. મારૂં માનવું છે કે પર્સનલ લોમાં ક્રમશઃ ધોરણે સુધારો લાવવો એ હકારાત્મક બાબત છે.

**સવાલઃ** યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) વ્યક્તિના ધર્મના અધિકારનો ભંગ કરે છે તેવો ભય સેવાઈ રહ્યો છે. શું તમે આ બાબત સાથે સંમત છો?

**જવાબઃ** અત્યારે આપણને યુનિફોર્મ સિવિલ કોડની નહીં, બલ્કે વિવિધ ધર્મોમાં અધિકારોની એકરૂપતાની જરૂર છે. આ માટે, આપણે જે રીતે હિંદુ કાયદામાં સુધારો થયો, ખ્રિસ્તી કાયદામાં સુધારો થયો, તે જ રીતે કોઈ મોટો રાજકીય વિવાદ ઊભો કર્યા વિના મુસ્લિમ કાયદામાં સુધારો લાવવો જોઈએ. વર્તમાન વિવાદ તદ્દન બિનજરૂરી છે.

સ્રોતઃ http://www.outlookindia.com/magazine/story/what-we-need-is-not-a-uniform-civil-code-but-uniformity-of-rights/298037 ■

# ગમ્મત સાથે જ્ઞાન આપતા અનેરા શિક્ષકઃ રમેશ ઘારૂ

- 'સિવિલ સોસાયટી', વો.13 નં.11-12, સપ્ટેમ્બર-ઓક્ટોબર 2016નો અંક - ઉમેશ આનંદ અને ફોટોગ્રાફર અજિત ક્રિષ્નાએ રમેશ ઘારૂને મળવા માટે તથા તેમને વર્ગ લેતાં જોવા માટે બાડમેર જિલ્લાના સિયાની ગામની મુલાકાત લીધી હતી.



રમેશ ઘારૂ વર્ગખંડમાં પ્રવેશે છે, ત્યારે આખો વર્ગખંડ વિદ્યાર્થીઓથી ઠસોઠસ ભરાયેલો હોય છે. બેસવાની જગ્યા ન મળતાં ઘણાં વિદ્યાર્થીઓ પાછળ ઊભાં રહે છે. વર્ગમાં હાજર રહેવાનો રોમાંચ તેમના ચહેરાઓ પર સ્પષ્ટ જોઈ શકાય છે. શિક્ષકનો એકેએક શબ્દ તેઓ ધ્યાનથી સાંભળે છે અને જવાબ આપવામાં એક બીજાને પાછળ છોડી દેવાની હરીફાઈમાં લાગી જાય છે.

વિદ્યાર્થીઓમાં રમેશ ઘારૂના વર્ગમાં હાજર રહેવા માટેની આટલી બધી તાલાવેલી પાછળનું મુખ્ય કારણ એ છે કે ઘારૂએ શીખવાની અવનવી પદ્ધતિઓ સ્વયં તૈયાર કરી છે. એક જ વર્ગમાં તેઓ ગણિતથી લઈને ભૂગોળ, ભાષા, વિજ્ઞાન વગેરે જેવા વિષયો ભણાવી શકે છે. ઘારૂનો વર્ગ માહિતી અને વિચારોનો ખજાનો બની રહે છે. સામાન્ય રીતે, સરકારી શાળાઓ વિશેનો લોકોનો અભિપ્રાય બહુ ઊંચો નથી હોતો. માળખાકીય સુવિધાઓ અપૂરતી હોય છે. શિક્ષકો બેદરકાર હોય છે અને પૂરતું કૌશલ્ય પણ ધરાવતા નથી હોતા. પુસ્તકોનો અભાવ વર્તાય છે. બાળકો શાળાએ આવતાં નથી અને જો આવે, તો પણ તેઓ કેટલું શીખ્યા તે એક મોટો પ્રશ્ન હોય છે.

ઘારૂએ આ તમામ અડચણોનો સામનો કરીને પરિસ્થિતિમાં સુધારો લાવવાનું બીડું ઝડપ્યું. તેમણે સાબિત કરી આપ્યું છે કે તમામ અડચણો છતાં પણ શિક્ષણ કાર્યને રસપ્રદ બનાવી શકાય છે. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક વસેલા સિયાની ગામની સરકારી શાળામાં છેલ્લાં 20 વર્ષોથી ફરજ બજાવતા ઘારૂએ વિચારશીલ શિક્ષક અને સહૃદયી વ્યક્તિ તરીકેની છાપ ઊભી કરી છે. ઘારૂ જણાવે છે, 'મારા માટે તો શિક્ષણ એટલે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓમાં સાંકળવાં. કારણ કે, બાળકો જુદી જુદી પ્રવૃત્તિઓમાંથી પોતાની મેળે જ શીખે છે. એક શિક્ષક તરીકે મારી જવાબદારી બાળક શીખી શકે અને પ્રયોગ કરી શકે તેવું વાતાવરણ પૂરૂં પાડવાની છે. ભાષા આખરે શું છે? મૂળાક્ષરો તો એ જ હોય છે. તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે, તે વધુ મહત્વનું છે. 'બાળકોને મૂળાક્ષરો સાથે, અવનવા વિચારો સાથે ગમ્મત કરવાની તક આપવી જોઈએ. આમ કરવાથી તેઓ ઝડપથી શીખી શકશે અને વર્ગખંડનો અનુભવ તેના માટે અર્થપૂર્ણ બની રહેશે. જો એક શિક્ષક તરીકે બાળકને ડરાવ્યા કે ધમકાવ્યા વિના ગણિત, ભૂગોળ, વિજ્ઞાન નવતર રીતે શીખવી શકું, તો શીખવાની પ્રક્રિયા ત્યાંથી જ શરૂ થઈ જાય છે. આનંદપ્રદ પદ્ધતિ વડે શિક્ષણ આપવું એ પડકારરૂપ છે. નવી બાબતો શીખવા અને સમજવા માટે બાળકમાં આત્મવિશ્વાસ આવે, તે જરૂરી છે.'

નીચું કદ અને સ્થૂળ કાયા ધરાવતા ઘારૂએ એમએ અને બી.એડ.ની ડિગ્રી મેળવી છે. શીખવવાનું તેમનું કૌશલ્ય પ્રકૃતિગત છે પણ શિક્ષક તરીકે તેમને મળેલી સફળતા તેમની પોતાની સૂઝબૂઝ અને ખંતનું પરિણામ છે. લેક્ચરરનો હોદ્દો અને વેતન ધરાવતા હોવા છતાં તેઓએ પ્રાથમિક શાળાના શિક્ષક રહેવું પસંદ કર્યું છે. 'વર્ગખંડમાં નાનાં બાળકો સાથે મને જે ખુશી મળે છે, તે બીજે ક્યાંયે નથી મળતી,' એમ કહેતાં તેઓ ઉમેરે છે, 'અહીં જ મને આનંદ મળે છે અને અહીં જ હું બાળકોના જીવન પર પ્રભાવ પાડી શકું તેમ છું. ટેબલ-ખુરશી પર બેસીને વહીવટી કાર્યો કરવામાં મને બિલકુલ રસ નથી.'





## કરૂણા

ઊંડી કરૂણા અને સૌમ્યતા રમેશ ઘારૂના વ્યક્તિત્વનું અંગ છે. આ પાછળ પણ ઇતિહાસ રહેલો છે. ઘારૂ એ અનુસૂચિત જાતિની હરોળમાં સૌથી છેલ્લી હરોળમાં આવતી જ્ઞાતિ છે. આથી, સત્તાવાર રેકોર્ડમાં તેમણે પોતાના નામ પાછળથી ઘારૂ અટક હટાવી દીધી છે અને તેના સ્થાને તેમણે રમેશ કુમાર નામ રાખ્યું છે. જો કે, રોજિંદી કામગીરી અને ઇમેઇલ, ટ્વિટર અને ફેસબુક એકાઉન્ટમાં તેમણે ઘારૂ અટક ચાલુ રાખી છે. મોટા ભાગે તેમને ઘારૂજી તરીકે સંબોધવામાં આવે છે. ઘારૂજીના માતા-પિતા સફાઈ કર્મચારીઓ હતાં. બાળપણમાં અને યુવાન થયા બાદ પણ તેઓ શૌચાલયોની સફાઈ કરવામાં તેમના માતા-પિતાને મદદ કરતા હતા. આ ભેદભાવના અનુભવને પગલે ઘારૂના વ્યક્તિત્વમાં કડવાશ અને રોષ ભળી શક્યા હોત. પણ તેને સ્થાને, તેઓ અત્યંત સૌમ્ય તથા વિનમ્ર છે. શિક્ષણ ક્ષેત્રના પોતાના સહકર્મીઓ દ્વારા તેમની સાથે ભેદભાવભર્યું વર્તન કરવામાં આવતું હોવાની તેમણે કબૂલાત કરી હતી. તેમ છતાં, આવા ભેદભાવથી તેઓ ઉશ્કેરાતા નથી. ઘારૂએ શાળા-કોલેજનું શિક્ષણ મેળવ્યું તેના કારણે તેમના જીવનમાં પરિવર્તન આવ્યું. તેમણે નાની-નાની નોકરીઓ કરી. તેઓ જ્યાં પણ ગયા, ત્યાં તેમની જ્ઞાતિએ તેમનો પીછો ન છોડ્યો. આખરે તો તેમને સાફ-સફાઈનું કામ જ સોંપવામાં આવતું. ભારતીય સૈન્યમાં જોડાવાનું તેમનું સ્વપ્ન હતું. કોલેજકાળ દરમિયાન તેઓ નેશનલ કેડેટ કોર્પ (એનસીસી)માં જોડાયા હતા, જ્યાં તેમણે સારી એવી પ્રતિષ્ઠા પણ મેળવી હતી. એનસીસીની સફળતાને પગલે તેઓ સૈન્યના ફાઇનલ સિલેક્શનના રાઉન્ડમાં સીધા જ જઈ શકે તેમ હતા, પરંતુ સંજોગોવશાત તે શક્ય ન બન્યું. ત્યાર બાદ તેમણે ટ્યુશન આપવાનું શરૂ કર્યું. સમય જતાં બાડમેરમાં એર ફોર્સ સ્ટેશન સ્થિત કેન્દ્રીય વિદ્યાલયમાં તેમને નોકરી મળી. જીવનમાં પ્રથમ વખત તેમને પોતાના માટે યોગ્ય જણાતું વેતન મળ્યું. કેટલું? રૂ. 2,500. વળી, સૈન્ય જ્ઞાતિ-જાતિના ભેદભાવથી પર હોવાને કારણે અહીં તેમને સ્વીકૃતિ પણ મળી. તે સમય દરમિયાન જ કોઈએ તેમને ફાજલ સમયમાં શેરીનાં બાળકોને (સ્ટ્રીટ ચિલ્ડ્રન) ભણાવવાનું સૂચન કર્યું. ઘારૂને આ સૂચન પસંદ પડી ગયું અને તેમણે



શેરીનાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. આ દરમિયાન તેઓ ગરીબ પરિવારોના ગાઢ પરિચયમાં આવ્યાં. શેરીનાં બાળકોને શિક્ષણ આપવા દરમિયાન તેમને રમકડાં બનાવવાની પ્રવૃત્તિમાં રસ જાગ્યો અને નકામી વસ્તુઓનો રચનાત્મક ઉપયોગ કરવાની પ્રેરણા મળી. ત્યાર પછી 2006માં તેમને સરકારી શિક્ષક તરીકેની નોકરી મળી. સિયાની ગામની ઉચ્ચતર પ્રાથમિક શાળામાં તેમનું પોસ્ટિંગ થયું. મોટર સાઇકલ નહોતી ખરીદી, ત્યાં સુધી ઘારૂ છ કિલોમીટર ચાલીને શાળાએ જતા.

સિયાનીમાં 20 વર્ષ સુધી તેમનું પોસ્ટિંગ રહ્યું, કારણ કે તેમના જણાવ્યા પ્રમાણે, આટલી દૂર આવેલી શાળામાં નોકરી કરવા આવવા માટે કોઈ શિક્ષક તૈયાર નહોતો. સમય જતાં શાળા ઉચ્ચ પ્રાથમિકમાંથી સિનિયર માધ્યમિક થઈ. ગયે વર્ષે બાડમેર શહેરની રેલવે કુવાં નં.3 ખાતેની સરકારી શાળામાં ઘારૂની બદલી થઈ.

## નોખો ચીલો ચાતરીને મેળવી લોકપ્રિયતા

સિયાની ગામની શાળામાં શિક્ષક તરીકે ઘારૂની પ્રતિભા ખીલી ઊઠી. પોતાની રસપ્રદ અને નાવીન્યસભર શિક્ષણ પદ્ધતિને કારણે તેઓ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બન્યા. નીચી જ્ઞાતિમાંથી આવતા હોવાના કારણે તેમણે અન્ય શિક્ષકો દ્વારા તેમની સાથે રાખવામાં આવતા ભેદભાવનો સામનો કરવો પડ્યો, પરંતુ તેમને વિદ્યાર્થીઓ તરફથી ઉષ્માપૂર્ણ આવકાર મળ્યો. તેઓ શિક્ષક છે, પણ વિદ્યાર્થીઓ જાણે કોઈ જાદૂગરને જોઈ રહ્યા હોય એવા અચંબાથી ઘારૂને જુએ છે. વર્ગમાં તેઓ કઈ-કઈ ચીજવસ્તુઓ ઉપયોગમાં લે છે તે જાણવું પણ રસપ્રદ છે. નકામા કપડાથી બનાવેલા અને પ્લાસ્ટિકથી વીંટેલો દડો, કંકોતરીમાંથી બનાવેલું પંખી, નકામી એક્સ-રે ફિલ્મને જૂની બોલ પોઇન્ટ પેન સાથે જોડીને પાંખો હલી શકે તેવું બનાવેલું પક્ષી, કાર્ડ બોર્ડમાંથી બનાવેલું એરોપ્લેન તથા નકામી પોલિથીનમાંથી બનાવેલી ડોનટ રિંગ્ઝ જે માથા પરનું વજન સંતુલિત કરવા માટે વાપરી શકાય. આ દરેક ચીજવસ્તુ એક કરતાં વધુ પ્રકારે કામમાં આવે છે. તમામ ચીજવસ્તુઓ નકામી વસ્તુઓમાંથી બનાવવામાં આવેલી હોવાથી પ્રથમ પાઠ પર્યાવરણના સંરક્ષણ અને પ્રદૂષણ પર નિયંત્રણ અંગે છે. કેચની રમત માટે દડો વાપરવામાં આવે છે, પણ તેની સાથે-સાથે પૃથ્વીનો આકાર સમજાવવા માટે તથા સૂર્ય અને ચંદ્ર સાથેની પૃથ્વીની ગતિવિધિ સમજાવવા માટે પણ તેને વાપરી શકાય છે. પોલિથિનની ડોનટ રિંગને માથા પર મૂકવામાં આવે, તો વજન ઉઠાવવું સરળ બની રહે છે. વજન વહેંચાઈ જાય છે અને વજન સહેલાઈથી ઊંચકી શકાય છે. તેમાં પ્રાથમિક વિજ્ઞાનનું જ્ઞાન રહેલું છે. પરંપરાગત રીતે, મહિલાઓ માથા પર પાણી ભરેલો ઘડો કે લાકડાંનો ભારો ઊઠાવતાં પહેલાં માથા પર ઇંઢોણી મૂકે છે કે જાડું કપડું ઇંઢોણીના આકારમાં

**જુઓ પૃષ્ઠ ૨૩**

# ‘બેઝવાડા વિલ્સન સાથે મુલાકાત’

તા.15 ઓક્ટોબર 2016ના રોજ ‘ન્યુઝ ક્લિક’ પર પ્રબીર પુરકયાસ્થા સાથેની વાતચીતમાં બેઝવાડા વિલ્સન માથે મેલું ઉપાડવું તે અમાનવીય પ્રથા છે અને તે કેવી રીતે નીચલી જ્ઞાતિ પર ફરજ પડી છે તેને વિશે વાત કરે છે. સ્વચ્છ ભારત અભિયાનના અંતર્ગત 12 કરોડ નવા શૌચાલયના નિર્માણ સાથે, પહેલેથી જ સફાઇ કરનારાઓને આ નવા શૌચાલય સાફ કરવાના કામનો પણ ઉમેરો થશે. તેમણે સરકાર પાસે આ સમસ્યાને હલ કરવાની કોઈ યોજના નથી અને આ ક્ષેત્રમાં આધુનિક ટેક્નોલોજીના અભાવને કારણે આ ચોક્કસ વર્ગના લોકો પર જુલમ પરિણમી શકે છે તેને વિશે વાત કરી છે. આ મુલાકાતના ઓડિયોનું અનુલેખન ‘ઉન્નતિ’ના જયંત લાયેક દ્વારા અહીં પ્રસ્તુત કરાયું છે.

**પ્રશ્નકર્તા:** ન્યૂઝક્લિકમાં આપનું સ્વાગત છે. આજે આપણી સાથે ઉપસ્થિત છે શ્રી બેઝવાડા વિલ્સન. જેઓ માથે મેલું ઉપાડવાની પ્રથા તથા તેને કારણે ઉદ્ભવતી અન્ય સંલગ્ન સમસ્યાઓ વિરૂદ્ધ ચળવળ ચલાવી રહ્યા છે. ખાસ કરીને તેઓ આપણા દ્વારા જ ઊભી કરવામાં આવેલી એવી સમસ્યાઓ - જેના કારણે મળ-ટાંકી સાફ કરવા જનારી ઘણી વ્યક્તિઓ મોતને ભેટે છે, તેની સામે લડત ચલાવી રહ્યા છે. તમે અહીં હાજર રહ્યા, તે બદલ અમે આનંદ અનુભવીએ છીએ. તમે શહેરની સફાઈ કરવા માટે જરૂરી હોય તે પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં અને મળ-ટાંકીઓ સાફ કરવામાં દર વર્ષે મોતને ભેટતા સફાઈ કામદારોની આંકડાકીય વિગતો પૂરી પાડો છો. આ આંકડાઓ કેવા સ્વરૂપના છે?

**બેઝવાડા વિલ્સન:** અમારી પાસે થોડા આંકડાઓ ઉપલબ્ધ છે, જે અમને કેટલાંક મહેણાં સાંભળ્યા બાદ પ્રાપ્ત થયા હતા. આ આંકડાઓ સંખ્યા સ્વરૂપના નથી. તે ઉદાહરણ સ્વરૂના છે અને 27મી માર્ચ, 2014માં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદના છે.

**પ્રશ્નકર્તા:** અને સાધારણ સફાઈ કામગીરી વિરૂદ્ધનાં આંકડાઓ અને માહિતીઓ?

**બેઝવાડા વિલ્સન:** કચરો, મેલું વગેરે સાફ કરવાની સામાન્ય કામગીરી વિરૂદ્ધના આંકડાઓ ખરેખર તો સરકારે, સફાઈ કામગીરી દરમિયાન નીપજતાં મોતની સંખ્યા વિશે જાણકારી વગેરે મેળવવાનાં રહે છે. અને તે તમામ માટે સરકારે રૂ. 10 લાખનું વળતર આપવાનું રહે છે. એક વખત અમે સરકારી વિભાગો અને મંત્રાલયોની મુલાકાતો લેવાનું શરૂ કર્યું ત્યારે અમારા આશ્ચર્ય વચ્ચે કોઈપણ વિભાગ કે મંત્રાલય પાસે આ વિશે કોઈ વિગતો ન હતી. ત્યારબાદ અમે વિગતો એકઠી કરવા માંડી. એકત્રિત વિગતો અનુસાર, આ સંખ્યા 1,370 છે. બે વર્ષમાં અમે જે વિગતો એકઠી કરી તે અમે મંત્રાલયને આપી છે. આ સંખ્યા ઘણી જ ઓછી છે અને તે સંપૂર્ણ નથી.

**પ્રશ્નકર્તા:** તમે આટલા આંકડા એકઠા કરી શક્યા છો, પણ વાસ્તવિક આંકડાઓ ઘણા વધારે હોઈ શકે છે. આ પૈકીના ઘણાં લોકો મ્યુનિ. કોર્પોરેશનના કાયમી કર્મચારીઓ નથી. ઘણાં લોકો કરાર પર કામ કરે છે અથવા તો છૂટક કામદારો છે?

**બેઝવાડા વિલ્સન:** જુઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ગટર વ્યવસ્થા છે. મોટાભાગે મેટ્રો શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મળ-ટાંકી સાફ કરનારા કામદારો કાયમી હોય છે. પરંતુ તેની સાથે મોટાભાગના કામદારો કરાર પર પણ હોય છે અથવા તો ઘણી વખત, ઘર-માલિકો ખાનગી સફાઈ કામદારો પાસે સફાઈ કરાવે છે. મુંબઈ, દિલ્હી, ચેન્નઇ, કોલકાતા, બેંગલોર, અમદાવાદ વગેરે જેવાં મોટાં શહેરોમાં કોર્પોરેશનો સાથે સીધા સંકળાયેલા સફાઈકર્મીઓની સંખ્યા



પણ નાનીસૂની નથી. કાયમી કર્મચારીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે.

**પ્રશ્નકર્તા:** તમારા મતે, આ સમગ્ર સમસ્યા પરત્વે લોકો તદ્દન બેપરવા છે. શું તમને લાગે છે કે સફાઈની કામગીરી જે (વર્ગના) લોકો કરે છે, તેના કારણે લોકો આ સમસ્યા અંગે અસંવેદનશીલ છે? શું લોકોની અસંવેદનશીલતા સફાઈ કામદારો જે સમુદાય કે જ્ઞાતિમાંથી આવે છે તેના કારણે છે?

**બેઝવાડા વિલ્સન:** જુઓ, એક વાત એકદમ સ્પષ્ટ છે કે આપણા દેશમાં સ્વચ્છતાની વ્યવસ્થા જ્ઞાતિ આધારિત છે. સફાઈ કરનારા વર્ગને અસ્પૃશ્ય ગણવામાં આવે છે. અસ્પૃશ્યો સંગઠિત થાય અને તેમના અધિકારો અંગે અવાજ ઉઠાવે તે જોઈને લોકોને નવાઈ લાગે છે. લોકો કહે છે કે સફાઈ કરવામાં શું ખોટું છે? આ જ તો તેમનું કામ છે. બીજું તો ઠીક, ખુદ મારા સમુદાયના લોકોનું જ માનવું છે કે તેઓ આ જ્ઞાતિમાં જન્મ્યા છે, એટલે આ જ તેમનું કામ છે. એમના મતે, અન્ય કોઈ કામ કરવું તેઓ માટે મુશ્કેલ છે. બીજા કામો કરતાં તો આ કામ તેમને સરળ લાગે છે. આમ, સમાજમાં આ બે દ્રષ્ટિકોણ પ્રવર્તે છે. ચિંતાની વાત એ છે કે આ કામ વિના વિઘ્ને ચાલી રહ્યું છે, તેથી સરકાર પણ તેના વિશે વિચારતી નથી.

**પ્રશ્નકર્તા:** આ સમસ્યા વિશે આપણે વિચારતા નથી, તે પાછળ શુંએ કારણ હોઈ શકે કે જ્ઞાતિ આધારિત દ્રષ્ટિકોણનાં મૂળ લોકોના દિમાગમાં ઊંડે સુધી ઊતરી ગયાં છે. અને તેથી જ, આપણા દેશમાં આ પ્રકારની ગટર-નિકાલની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને જ શહેરોનાં નિર્માણ થયાં છે અને શહેરોનાં આયોજનો થયાં છે. જ્યારે વિશ્વના અન્ય દેશોમાં આવું નથી. બીજા દેશોમાં શહેરી વિસ્તારોમાં સ્યૂઅર્સસ પ્રકારની ગટર વ્યવસ્થા હોય છે. અન્ય દેશોના શહેરી વિસ્તારોમાં ગટરની સફાઈ કરવા દરમિયાન મોત નિપજ્યાની ઘટનાઓ વિશે આપણે કદી સાંભળ્યું નથી. કદાચ, જ્ઞાતિ પાછળની આપણી ઘેલછાને કારણે જ આપણે આ સમસ્યા તરફ નજર પણ નાંખવા નથી માંગતા.

**બેઝવાડા વિલ્સન:** આપણે નજર નાખવા નથી માંગતા અને બીજી વાત એ કે દેશમાં ચોક્કસ શ્રેણીમાં આવતી વ્યક્તિઓના મોત નિપજવાથી કોઈને કશો ફર્ક પડતો નથી. આપણી માનસિકતા કંઈક એવી છે કે આપણી પ્રાથમિકતાઓ વ્યક્તિએ-વ્યક્તિએ બદલાય છે. ભારતીય બંધારણની કલમ 21 જીવન જીવવાનો અધિકાર બક્ષે છે, પણ તે જીવન કઈ વ્યક્તિનું છે, કયા જૂથનું, કયા વર્ગનું, કઈ જ્ઞાતિની વ્યક્તિનું છે - તે બાબત ઘણી મહત્વની બની રહે છે.

**પ્રશ્નકર્તા:** તો શું એનો અર્થ એ થયો કે કલમ-21માં જીવન જીવવાના અધિકારમાં સૂચવ્યું હોવા છતાં તમામ લોકોનાં જીવન એકસમાન રીતે મૂલ્યવાન નથી?

**બેઝવાડા વિલ્સન:** જાહેરમાં તેઓ 'સૌ સમાન નથી એવું કહેવા નથી ઈચ્છતા. જાહેરમાં તેઓ કહેશે કે તમામ લોકો એકસમાન છે, પણ તેમાંથી કેટલાક લોકો વધુ એકસમાન છે'. તેથી, લોકો કદી પણ આ વર્ગને સમગ્ર જૂથનો એક ભાગ ગણતા જ નથી. જો ગટરની કે ટાંકીની સફાઈ કરવા દરમિયાન સફાઈકર્મીનું મોત નીપજે, તો તેમને પહેલો વિચાર એ આવે છે કે - કેટલું વળતર આપવું પડશે. જ્યારે દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની વાતો થઈ રહી છે, ત્યારે કોઈ વ્યક્તિએ આવી રીતે શા માટે જીવ ગુમાવવો પડે? વળી, લોકો પોતાનો બચાવ કરે છે કે જ્યારે ટાંકી કે ગટરની સફાઈ કરવાની જરૂરિયાત વર્તાય, ત્યારે સફાઈકર્મી આવીને આ કામ કરી જાય છે. તે સ્વયં જ આ કામ કરવા માટે તૈયાર થયો અને તેમાં અકસ્માતે તેણે જીવ ગુમાવ્યો. તેમાં અમે શું કરી શકીએ? આથી જ અમે સ્પષ્ટતા કરીએ છીએ કે આ અકસ્માત નથી, જાણી જોઈને અમને મળ-ટાંકીઓમાં ઊતારીને મોતના મુખમાં ધકેલવામાં આવે છે. તમે યોગ્ય વ્યવસ્થા ગોઠવી નથી, તેના કારણે અમે મોતને ભેટીએ છીએ. અને તેથી જ હું કહી રહ્યો છું કે તમે અમને મોતના મુખમાં ધકેલો છો. હવે, તમારે અમારા પ્રત્યે કોઈ પ્રકારની સહાનુભૂતિ કે દયા દર્શાવવાની જરૂર નથી. કારણ કે, અમને હવે આ સમસ્યાનો રાજકીય ઉકેલ જોઈએ છે.

**પ્રશ્નકર્તા:** તો શું આ, લોકોની સહાનુભૂતિ અને દયા મેળવવા માટેની નહીં, બલ્કે ન્યાયની લડત છે?

**બેઝવાડા વિલ્સન:** અમારે સહાનુભૂતિ અને દયા નથી જોઈતી. મારૂં દ્રઢપણે માનવું છે કે આ મામલાના ઉકેલની જવાબદારી સમાજ પર ઢોળવાને બદલે સરકારે નિર્ણય લેવો જોઈએ. સરકાર હંમેશાથી કહેતી આવી છે કે આ સામાજિક સમસ્યા છે. ના, આ સામાજિક સમસ્યા નથી. જ્ઞાતિપ્રથા એ સામાજિક સમસ્યા નથી. જ્ઞાતિપ્રથાનો ઉદ્ભવ ભલે સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે થયો હોય, પણ આ પ્રશ્નનો ઉકેલ રાજકીય દરમિયાનગીરીથી જ આવવો જોઈએ.

**પ્રશ્નકર્તા:** સ્વચ્છા ભારતના મુદ્દા વિશે વાત કરીએ તો, આ અભિયાન હેઠળ સરકારે 10 કરોડ શૌચાલયો બનાવવાની જાહેરાત કરી છે. આ માટે સરકાર નાણાં પણ આપે છે, પણ શું શૌચાલયોમાં પાણીની પૂરતી સુવિધા હોય, તેના પર ભાર મૂકાઈ રહ્યો છે ખરો? કારણ કે, જો પાણીની સુવિધા નહીં હોય, તો ફરીથી માથે મેલું ઉપાડવાની પ્રવૃત્તિનું પુનરાવર્તન થશે. આ સંદર્ભમાં, સ્વચ્છ ભારત કાર્યક્રમ વિશે તમારો શો અભિપ્રાય છે?

**બેઝવાડા વિલ્સન:** બીજી ઓક્ટોબર, 2014ના રોજ વડાપ્રધાને ઇન્ડિયા

ગેટથી સ્વચ્છ ભારત અભિયાનની જાહેરાત કરી હતી. આ જાહેરાતના પગલે સર્જાયેલા માહોલને કારણે એવું લાગતું હતું કે જાણે હવેથી પ્રધાનમંત્રી સહિત ભારતનો દરેક નાગરિક, સ્વચ્છતા અને સફાઈની કામગીરીમાં જોડાઈ ગયો હોય. આ કામગીરી જ્ઞાતિ આધારિત નથી કે વારસાગત પણ નથી. શૌચાલયો બાંધવાં એ કોઈ મોટી વાત નથી. દેશમાં ઘણાં લાંબા સમય પહેલાંથી આ કાર્ય થઈ રહ્યું છે. 35 વર્ષ જુની આ ચળવળ સમાધાન આવ્યા પહેલાં સમાપ્ત થઈ ગઈ, પણ આ વાત એટલા માટે મોટી છે, કેમ કે વડાપ્રધાનની જાહેરાત અનુસાર, 2019 સુધીમાં 12 કરોડ શૌચાલયો બાંધવામાં આવશે. વર્તમાન સમયમાં, યોગ્ય વ્યવસ્થા ન ધરાવતાં સેંકડો શૌચાલયો છે. આપણી ગટર વ્યવસ્થા પણ સુયોગ્ય આયોજન નથી ધરાવતી.આ કારણોસર જ ગટરમાં સફાઈકર્મીઓ મોતને ભેટે છે. તેમાંયે હવે નવાં 12 કરોડ શૌચાલયોનો ઉમેરો થઈ રહ્યો છે. તેનો સીધો અર્થ એ થાય કે ભૂગર્ભ જળ-નિકાલ વ્યવસ્થા મોજૂદ ન હોવાથી તમે 12 કરોડ મળ-ટાંકીઓનું પણ નિર્માણ કરી રહ્યા છો. પરંતુ વ્યવહારૂ દ્રષ્ટિએ જોઈએ તો, લોકો પાસે શૌચાલયો માટેની જગ્યા ઉપલબ્ધ છે કે કેમ, અને જો જગ્યા હોય તો પણ, મળ-ટાંકી માટેની જગ્યા છે કે કેમ તે મોટો સવાલ છે. વળી, આ મળ-ટાંકીઓ ભવિષ્યમાં સફાઈકર્મીઓનાં મોતનું કારણ પણ બનવાની છે એ હકીકત વિશે કોઈ વિચારતું નથી. બીજું કે, ઠેકઠેકાણે શૌચાલયો બાંધવામાં આવી રહ્યાં છે, પણ પાણીની કોઈ સુવિધા નથી. દેશમાં બીજા પણ ઘણા પ્રશ્નો છે, પણ તમે ફક્ત એક જ સમસ્યાનો ઉકેલ આપ્યો છે 'શૌચાલય'. લોકો પાસે ખાવા માટે અન્ન નથી ત્યારે તમે તેને શૌચાલય આપી રહ્યા છો. મારા સમુદાયનાં લોકોની જ વાત કરૂં તો, તેમનાં ઘરોમાં પાણીની સુવિધા નથી. હવે, સ્વચ્છતા માટેની પ્રાથમિક જરૂરિયાત સમું પાણી પૂરૂં પાડવામાં આવતું નથી, તેવી સ્થિતિમાં શૌચાલયો આપવાથી વધુને વધુ સમસ્યાઓ ઊભી થશે. વધુને વધુ સફાઈ કામદારોનાં મોત નીપજશે. મારૂં દ્રઢપણે માનવું છે કે અમને મોતના મુખમાં ધકેલવામાં આવે છે અને હાલની સ્થિતિ જોતાં ભવિષ્યમાં આખા એક સમુદાયનો સંહાર કરવામાં આવશે.

કેટલીક વખત 'સ્વચ્છ' શબ્દ સ્વયં જ મને અકળાવી મૂકે છે. સ્વચ્છ શબ્દ શુદ્ધતા, પ્રદૂષણમુક્તિ વગેરે અર્થો સૂચિત કરે છે. અને તે રીતે જોતાં આ અભિયાન - શુદ્ધ અને પ્રદૂષણમુક્ત ભારતનું પ્રતિનિધિત્વ કરે છે પણ તેમાં સફાઈ કામદારોના યોગદાનનો ક્યાંયે ઉલ્લેખ નથી. આ અભિયાનની જાહેરાતમાં પણ તેમના કાર્યનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. છેલ્લાં 4,000 વર્ષોથી એક ચોક્કસ સમુદાય દેશની સફાઈ કરતો આવ્યો છે છતાં તેની નોંધ સુદ્ધાં નથી લેવાઈ. આ સમુદાય પણ, ખાસ કરીને સમુદાયની સ્ત્રીઓ હવે આ કામમાંથી બહાર આવવા માંગે છે. તેઓ હવે સફાઈ કામગીરી કરવા માંગતા નથી. સરકાર દ્વારા આ સમુદાયનું પુનર્વસન કરવામાં આવે તે જરૂરી છે. પણ, સરકાર કોઈપણ પ્રકારનું પુનર્વસન કરાવવા માટે તૈયાર નથી. 2012 અને 2013માં સફાઈ કરનારા સમુદાયના પુનર્વસન માટે 570 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષે તે માટે માત્ર રૂ. 10 કરોડ ફાળવવામાં આવ્યા છે. જો સરકાર પૂરતાં નાણાં ન હોવાની દલીલ કરી રહી હોય, તો સ્વચ્છ ભારત માટે રૂ. બે લાખ કરોડ ફાળવવામાં આવ્યા હતા અને ત્યાર બાદ હવે બજેટમાં લગભગ રૂ. 11,000 કરોડની રકમ ફાળવાઈ છે. તમારી પાસે શૌચાલયો બાંધવાના તો પૈસા છે, પણ સફાઈ કામદારોના પુનર્વસન માટે પૈસા નથી.

**પ્રશ્નકર્તાઃ** એટલે કે આજે જે સમસ્યાઓનું સર્જન કરી રહ્યા છીએ તેને નિવારવા હજુ પણ તેઓને આ કામગીરીમાંથી છૂટવા દેવા નથી, એમજ ને?

**બેઝવાડા વિલ્સનઃ** જો એક પેઢી આ કામ છોડી દે, તો ત્યાર પછીની ભાવિ પેઢીઓ આ કામ નહીં કરે. ઉદાહરણ આપું તો, જો માતા આ કામ છોડી દે, તો તેની પુત્રીઓ, પુત્રવધૂઓ પણ આ કામ નહીં કરે. સૌથી મોટી મુશ્કેલી એ છે કે આ કામ છોડી દેવું એટલું સરળ નથી. આ 4,000 વર્ષથી ચાલી આવતી જ્ઞાતિપ્રથાનું અભિન્ન અંગ છે. આ સમુદાય જાણે બેડીઓથી જકડાઈ ગયો છે. આપણા દેશમાં જન્મ જ્ઞાતિ સાથે જોડાયેલો છે અને જ્ઞાતિ વ્યવસાય સાથે સંકળાયેલી છે. કોઈ સ્ત્રી આ કામ છોડી દે, તો તે ઘણી મોટી બાબત છે. કારણ કે, તે જ્ઞાતિ પ્રથાનું બંધન તોડી રહી છે. સમગ્ર સામાજિક વ્યવસ્થાને બદલીને નવો ચીલો ચાતરનારી તે સ્ત્રીનું ખરેખર તો સરકારે બહુમાન કરવું જોઈએ.

**પ્રશ્નકર્તાઃ** બીજી બાજુ ઊના તથા બીજા સ્થળોએ, જે સમુદાય મરેલાં ઢોરનો નિકાલ કરે છે તે સમુદાય પણ ખરાબ રીતે ભેદભાવ અને અત્યાચારનો ભોગ બની રહ્યો છે. આથી તેઓ પણ પોતાના આ વ્યવસાયને છોડવા માંગે છે કારણ કે એક તરફ તો સમાજને તેઓની સેવાની જરૂર છે અને બીજી તરફ એ જ સેવા માટે એક સમુદાય વિશેષને ગાયની હત્યા કરવાના આરોપ કરી પીડિત કરાય છે. તમે આ ઘટનાને કઈ રીતે જુઓ છો? શું આ પ્રકારના બળજબરી પૂર્વકના વ્યવસાયો (જ્ઞાતિ આધારિત કે પરંપરાગત)ના કારણે પીડિત સમુદાયો વ્યાપકસ્તરે જોડાણ સ્થાપી પોતાની માંગણીઓ બુલંદ કરશે. માંગણીઓ જેવી કે આજીવિકા માટે જમીન માંગણી?

**બેઝવાડા વિલ્સનઃ** બહુ સાદી વાત છે કે લોકો બંને બાબતોને એકબીજાથી વિપરિત રીતે લઈ રહ્યા છે આથી જ જુઓ, ઊનાના દલિતો એવું નથી કહી રહ્યા કે અમે 4,000 વર્ષોથી તમારાં મૃત ઢોરો ઉપાડતાં આવ્યાં છીએ, તો હવે પછીનાં 40 વર્ષ તમે આ કામ કરો. જો તેમણે કહ્યું હોત કે - બસ, બહુ થયું, હવે અમે આ કામ નહીં કરીએ - તો તમે ગુસ્સે થયા હોત. અલબત્ત, સમાજે ગુસ્સે થવાની જરૂર નથી,

કારણ કે દલિતો છેલ્લાં 4,000 વર્ષોથી આ કામ કરી જ રહ્યા છે, તો તમારે ઓછામાં ઓછા 40 વર્ષ આ કામ કરવાનો અનુભવ મેળવવો જોઈએ. પણ હવે તેઓ કહે છે કે અમારે સફાઈ કામ નથી કરવું. અમારે તમારૂં મરેલું ઢોર ઉપાડવું નથી, તો એમાં શું ખોટું છે? આ બિલકુલ વાજબી માંગણી છે. દલિતો કાંઈ તમને તેમનાં મરેલાં ઢોર ઉપાડવાનું તો નથી કહી રહ્યા. આવું કહેવાનો તેમને અધિકાર છે, છતાં તેઓ આવું નથી કહી રહ્યા. તેઓ તો ફક્ત એટલું જ કહે છે કે, આવતીકાલથી હું આ સફાઈકામ નહીં કરૂં. પણ, જ્ઞાતિવાદી જૂથો આ હકીકત સ્વીકારવા તૈયાર નથી. કારણ કે, દેશની સામાજિક વ્યવસ્થામાં પરિવર્તનનો કોઈ અવકાશ નથી. મહિલાઓએ સફાઈના કામને તિલાંજલિ આપી, ત્યારે તેમણે કહ્યું કે તેમને આજીવિકા જોઈએ છે. ગ્રામીણ વિસ્તારોમાં ખેતીલાયક જમીન એ આજીવિકાનું સાધન છે, જ્યારે શહેરોમાં આજીવિકાનું સાધન અન્ય હોઈ શકે છે. પરંતુ આપણે પણ આ મુદ્દાઓને જોડીને જોવા માંગતા નથી. આ આપ-લે નો મામલો છે. અમે કહીએ છીએ કે તમે અમને આપો તો અમે પણ તમને આપીએ અથવા તો તમારી બાબતોની વ્યવસ્થા તમે ખુદ કરો. બસ આટલું જ અમે કહીએ છીએ.

**પ્રશ્નકર્તા:** શું ગૌવંશ (ગાય) અને જ્ઞાતિ વ્યવસ્થા વચ્ચે કોઈ જોડાણ રહેલું છે?

**બેઝવાડા વિલ્સન:** નિ:શંકપણે આ અલગ દેખાતા મુદ્દાઓ વચ્ચે જોડાણ સ્પષ્ટ રહેલું છે. સમાજમાં અતાર્કિક નિયમ બનાવવામાં આવે છે અને તે નિયમ તમામ લોકો પર લાદવામાં આવે છે. બીજી તરફ એ તર્ક પણ સ્વીકાર કરો છો જેમાં માત્ર વિચારી લેવાનું છે કે બધા સમાન છે - ભલે એક સમુદાય મોતના મોંમા ધકેલાતો રહે.

**પ્રશ્નકર્તા:** તો શું સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા પુનઃ લાદવા માટે ગાયનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે?

**બેઝવાડા વિલ્સન:** આપણે સૌ કહી છીએ કે ગાય મારી માતા છે, અને આવું કહેવામાં કંઈ ખોટું પણ નથી. પણ, જ્યારે ગાય મરી જાય, ત્યારે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને તેની ગૌમાતાને લઈ જઈને ફેંકી આવવાનું કેવી રીતે કહી શકે? જો એ તમારી માતા હોય, તો તમારે તમારી માતાને તમારી પાસે જ રાખવી જોઈએ અને તેના મોત સમયે જે-તે ક્રિયાઓ તમારે જ બજાવવી જોઈએ. બીજું, કે જો તમારી ગાય મરી છે, તો તે તમારો વિષય છે, પણ ગાયને લઈ જવા માટે અન્ય કોઈ વ્યક્તિને દબાણ કરી શકાય નહીં. કોઈ નાગરિક વ્યક્તિગત ધોરણે એ કામ વ્યવસાય તરીકે સ્વીકારી પણ શકે પરંતુ તે માટે દબાણ ન કરી શકે. કોઈ પણ અતાર્કિક આ બાબત અસ્વસ્થ કરી મૂકનારી છે. મારા મતે, આગામી પેઢીનાં બાળકોએ આવી અતાર્કિક અને પાયાવિહોણી વાતો ધ્યાન પર લેવી જોઈએ નહીં.

**પ્રશ્નકર્તા:** બેઝવાડા, ન્યૂઝ ક્લિક સાથે વાત કરવા બદલ આપનો આભાર. તમારા તમામ કાર્યક્રમોમાં અમે તમારી પડખે છીએ અને ભવિષ્યમાં તમારા કાર્યક્રમમાં સામેલ થવાનો અમને આનંદ થશે. તમારી સાથેની આ મુલાકાત ઘણી જ મજાની રહી. ફરી એક વાર, આપનો ખૂબ ખૂબ આભાર.

સ્રોતઃ http://newsclick.in/12-crore-new-toilets-who-will-clean-them-bezwada-wilson ■

---

**પૃષ્ઠ ૧૯નું શેષ**

ગોઠવીને મૂકે છે. આને કારણે તેઓ સંતુલન સાધી શકે છે. ઘારૂ વિવિધ રંગોમાં અને વિવિધ કદમાં આ ડોનટ રિંગ બનાવે છે. તેમને સાથે ગોઠવીને 10, 100, 1000 વગેરે સંખ્યા વિશે સમજૂતી આપી શકાય છે. આમ કરવાથી વિદ્યાર્થીઓ ઝડપથી સંખ્યા વિશે જ્ઞાન મેળવી શકે છે. એક્સ-રે ફિલ્મમાંથી બનાવેલું પાંખો હલાવતું પક્ષી જુદા-જુદા પંખીઓના અવાજો વિશે સમજૂતી આપવા માટે વપરાય છે. મેના કેવી રીતે બોલે છે? કાગડો કેવી રીતે બોલે છે? સાથે જ, જાતિગત સમાનતા અને છોકરીઓના અધિકારો વિશે વાત કરવા માટે પણ તેને ઉપયોગમાં લઈ શકાય છે. જેવી રીતે પક્ષીઓને પાંજરામાં ન પૂરવાં જોઈએ તે જ રીતે છોકરીઓને પણ શિક્ષણથી વંચિત ન રાખવી જોઈએ અને તેમને તેમનાં કૌશલ્યો વિકસાવવા માટે સ્વતંત્રતા મળવી જોઈએ. ઘારૂ તેમના વિદ્યાર્થીઓને જણાવે છે કે છોકરીઓ તો પરિવારનું ગૌરવ હોય છે.

## શિક્ષકોને શિક્ષણ

સમય વહેવા સાથે, ઘારૂએ શિક્ષકોના શિક્ષક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ઘારૂની નવતર પદ્ધતિઓ શીખવા માટે અન્ય શિક્ષકો તેમનો સંપર્ક સાધવાનો પ્રયત્ન કરે છે, પણ ઘારૂ જણાવે છે કે તેઓ ફક્ત સરકારી શાળાઓને જ મદદ કરશે. ઘારૂ બાડમેરમાં ડિસ્ટ્રિક્ટ ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ ખાતે શિક્ષકોને તાલીમ પણ પૂરી પાડે છે. શૌચાલયોની સફાઈ જેવી નિમ્ન કક્ષાની ગણાતી કામગીરીથી લઈને અત્યારે શીખવાની નવતર પદ્ધતિઓના 'નિષ્ણાત' તરીકે પ્રસિદ્ધિ મેળવવા સુધીની સફર ખેડવી સાચે જ મોટી સિદ્ધિ છે. ઘારૂને મહિને રૂ. 52,000 પગાર મળે છે. તેમણે એક નાનું ઘર બંધાવ્યું છે, જેમાં તેઓ તેમના પત્ની, માતા અને છ બાળકો સાથે રહે છે. આ છ બાળકો પૈકી બે પુત્રી તેમની છે, બે બાળકો તેમણે દત્તક લીધાં છે અને બાકીનાં બે બાળકો તેમના નાના ભાઈનાં છે, જેમની પત્ની તેમને છોડીને જતી રહી છે. ઘારૂના નાના ભાઈ હજી પણ સફાઈ કામદાર તરીકે કામ કરે છે. ઘારૂ પૂરા સંતોષ સાથે જણાવે છે, 'અમે ખુશ છીએ. અમારી જરૂરિયાતો સંતોષાય, તે બધું જ અમારી પાસે છે. સરકારી શિક્ષક તરીકેનું કામ કરવામાં મને આનંદ મળે છે. ■

# સાંપ્રત પ્રવાહ

### બંધક મજૂરી નાબૂદી ક્ષેત્રે કાર્યરત 'સમર્થન – (સેન્ટર ફોર ડેવલપમેન્ટ સપોર્ટ'ને એફટીએસ ફ્રીડમ એવોર્ડ

મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં સ્થાનિક સમુદાયનું સશક્તિકરણ કરીને બંધક મજુરી સામે લડત ચડાવતા અગ્રણી સ્થાનિક સંગઠન 'સમર્થન' - સેન્ટર ફોર ડેવલપમેન્ટ સપોર્ટ, ભોપાલને 2016નો 'ફ્રીડમ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.

2014માં 'સમર્થન' બીબીસી મીડીયા એક્શનના પ્રોજેક્ટના અમલીકરણનું સહભાગી બન્યું હતું. જે હેઠળ બંધક મજૂરીનું દૂષણ દૂર કરવાના ભાગરૂપે 'મજબૂર કિસકો બોલા!' એ શીર્ષક હેઠળ રેડિયો પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો હતો.

બંધક મજૂરીને નાબૂદ કરવા માટે લોકોને શ્રોતાઓનાં ગામોમાં એકત્રિત કરવાની જૂથ પદ્ધતિથી બંધક મજૂરીના વ્યાપનું માપન કરી શકાય છે. એફટીએસ દક્ષિણ એશિયા પ્રાદેશિક કાર્યક્રમોના મેનેજર એલેક્સ વૂડ્ઝના જણાવ્યા પ્રમાણે, 'સમર્થન'નો આ પ્રયોગ કારગત નીવડ્યો છે. જે કામદારોના અધિકારો અને બંધક મજૂરી અંગે મહત્વની માહિતી પૂરી પાડે છે, વ્યાપક પહોંચ ધરાવે છે અને ખર્ચની દ્રષ્ટિએ આ ઘણી જ અસરકારક દરમિયાનગીરી છે.'




અત્યંત અંતરિયાળ વિસ્તારોમાં પણ 'સમર્થન' કાર્યરત છે. 'સમર્થન'ની સ્થાપના 1995માં થઈ હતી. નાગરિકોને શિક્ષણ મેળવવામાં તથા નાગરિક સંગઠનો બનાવવામાં મદદ પૂરી પાડવા સાથે તેમનું સશક્તિકરણ કરીને 'સમર્થન' ગુલામી પ્રથા સામે તેની લડત ચલાવી રહ્યું છે. તેમની કામગીરીને પગલે ગરીબીમાં જીવન ગુજારી રહેલા સમુદાયો મજૂર હક્કો અંગે જાગૃત થયા છે તથા તેમને ગુલામી તરફ દોરતાં પરિબળો પ્રત્યે સજાગ થયા છે.

ફ્રીડમ એવોર્ડ્ઝ વિશ્વભરમાં ગુલામીપ્રથા સામે અવાજ ઉઠાવનારી અને આ ક્ષેત્રે નવતર પહેલ ઊઠાવનારી વ્યક્તિઓનું સન્માન કરે છે, તેમ જ વિશ્વમાં ગુલામીપ્રથાના વિરોધમાં ચાલી રહેલાં શ્રેષ્ઠતમ કાર્યોને બિરદાવે છે. એવોર્ડ વિજેતાઓ સફળ, સાતત્યપૂર્ણ અને ગુલામી-વિરોધી નવતર પહેલ માટેના માપદંડો પ્રસ્થાપિત કરે છે. 'સમર્થન'ના તાલીમબદ્ધ કાર્યકરો (ફેસિલિટેટર્સ) સ્થળાંતરનું પ્રમાણ ઊંચું હોય તેવા જિલ્લાઓનાં નાનાં ગામોમાં સાપ્તાહિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ કરે છે તથા અંતરિયાળ અને સીમાંત સમુદાયો સાથે ચર્ચા કરે છે. 'મજબૂર કિસકો બોલા!' કાર્યક્રમમાં સરળ હિંદી ભાષામાં બંધક મજૂરી, માનવ તસ્કરી (હ્યુમન ટ્રાફિકિંગ), કામદારોની સુખાકારી, સંબંધિત કાયદાકીય રક્ષણ, ગરીબીનો સામનો, સલામત સ્થળાંતર વગેરે જેવા વિષયો વિશે જાણકારી આપવામાં આવે છે. 30 મિનિટની પ્રત્યેક આવૃત્તિની શરૂઆતમાં બંધવા મજૂર સ્વયં પોતાના જીવન વિશે વાત કરે છે.

'સમર્થન'ના આયોજકો (ઓર્ગેનાઇઝર્સ) ગુલામી વિરોધી પહેલ અને સ્થાનિક સમુદાય વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. તેઓ ગ્રામવાસીઓને સંગઠિત થવા માટે, સ્વ-સહાય જૂથો રચવા માટે, ફરિયાદ દાખલ કરવા માટેની સમજૂતી આપે છે અને તેમના કાનૂની હક્કો અંગે તેઓની સાથે ચર્ચા કરે છે.

ગ્રામીણ ભારતમાં, બંધક મજૂરી સામાજિક-આર્થિક માળખાનું જ એક અંગ બની ચૂકી છે. પ્રેમબાઈના ગામ કોયા ગુંજાપુરમાં ખોરાક અને પાણી મેળવવા માટે પણ લોકોએ સંઘર્ષ કરવો પડે છે. આથી, તેઓ ધનિક ખેડૂતો પાસેથી નાણાં ઉછીનાં લે છે અને વ્યાજ ન ચૂકવી શકવાને કારણે તેમને બંધવા મજૂર તરીકે ગુલામી કરવાની ફરજ પાડવામાં આવે છે.

પ્રેમ બાઈ જણાવે છે, 'મારા માતા-પિતાએ દેવું ચૂકવવા માટે આખી જિંદગી મજૂરી કરી. તેમના મૃત્યુ બાદ અમે ગુલામી વેઠી રહ્યાં

છીએ. મને લાગે છે કે અમારાં બાળકો પણ બંધક મજૂર તરીકે જ જીવન વીતાવશે.'

'મજબૂર કિસકો બોલા' પ્રોજેક્ટ અધિકૃત રીતે 2014માં પૂરો થઈ ગયો હતો, પણ સમર્થને મધ્યપ્રદેશનાં ગામોમાં આ શો પ્રસારિત કરવાનું ચાલુ રાખ્યું છે. 'મજબૂર કિસકો બોલા'ના શ્રોતાઓને કોઈ પ્રશ્ન હોય કે ફરિયાદ હોય, તો તે માટે તેમને એક મોબાઇલ નંબર આપવામાં આવે છે. આ નંબર પર ફોન કરીને ઘણાં લોકો ગુલામીની બેડીઓમાંથી મુક્ત થવા માટે નક્કર ઉપાય જાણવા માંગે છે. એક વર્ષના રેડિયો પ્રોજેક્ટ દરમિયાન 200 કરતાં વધુ બંધવા મજૂરોને બચાવી લેવાયાં હતાં.

સમર્થને લક્ષિત જિલ્લાઓમાં 'શ્રોતા સંવાદ' નામની બેઠક શરૂ કરી છે. આ બેઠકોમાં લોકો સીધા જ સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ સમક્ષ ફરિયાદ કરી શકે છે. આ પ્રકારે 3,000 કરતાં વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી છે. પોતાના હક્કો અંગે જાગૃત થયેલા અને શિક્ષિત હોય તેવા શ્રોતાઓએ વહીવટી સત્તાતંત્ર સમક્ષ તેમના અધિકારોની માંગણી કરતી 5,000 કરતાં વધુ અરજીઓ દાખલ કરાવી છે.

'સમર્થન' વધુને વધુ લોકોને મજૂરીમાંથી મુક્ત થવા માટેની પ્રેરણા પૂરી પાડે છે.

સમર્થને 'મજબૂર કિસકો બોલા' કાર્યક્રમ પ્રેમબાઈના ગામમાં શરૂ કર્યો, ત્યારબાદ પ્રેમબાઈ અને ગામની અન્ય નવ સ્ત્રીઓને તેમનું પોતાનું સ્વ-સહાય જૂથ બનાવવાની પ્રેરણા મળી હતી.

પ્રેમબાઈ જણાવે છે, 'જેમણે પણ ખેડૂતો પાસેથી નાણાં લીધાં હતાં, એમણે તેમનું દેવું ચૂકવી દીધું છે. મેં એક નાની દુકાન ખોલી છે. તેના કારણે હવે મારી આવક શરૂ થઈ છે. હજી પણ કેટલાક ગ્રામવાસીઓ બંધવા મજૂર તરીકે ગુલામીભર્યું જીવન વીતાવી રહ્યાં છે. મારી વાત સાંભળ્યા બાદ તેઓ પણ મારી જેમ ગુલામીમાંથી મુક્ત થશે તેવી મને આશા છે.'

'ફ્રી ધ સ્લેવ્ઝે' ગુલામી નાબૂદ કરવા માટે લડત ચલાવવા માટે હિંમત દાખવનારા, નવતર પહેલ કરનારા સમર્પિત સંગઠનો, ચળવળકર્તાઓ અને ગુલામીમાંથી ઉગરી જનારી વ્યક્તિઓનું સમયાંતરે સન્માન કરે છે. અમારા એવોર્ડ વિજેતાઓ સફલ, સાતત્યપૂર્ણ ગુલામી-વિરોધી પહેલ માટેના માપદંડો પ્રસ્થાપિત કરી રહ્યા છે. અભૂતપૂર્વ સિદ્ધિની જાણકારી લોકો સુધી પહોંચાડીને આ એવોર્ડ ગુલામી-નાબૂદીની ચળવળ માટે પ્રેરણા પૂરી પાડે છે.

આ વર્ષે 'ફ્રી ધ સ્લેવ્ઝે' બંધક મજૂરીના નિવારણ માટે માપન થઈ શકે તે પ્રમાણે નવતર પહેલનો અમલ કરતા ભારત કે નેપાળમાં રજિસ્ટર્ડ થયેલાં સંગઠનો માટેનાં નામાંકનો સ્વીકારવાનું નક્કી કર્યું હતું.

2016ના 'ફ્રી ધ સ્લેવ્ઝ ફ્રીડમ એવોર્ડ'નું આયોજન 'પેગાસસ ફ્રીડમ ફાઉન્ડેશન' દ્વારા મળેલી નાણાંકીય સહાયમાંથી કરવામાં આવ્યું હતું.

ફ્રી ધ સ્લેવ્ઝનો ઉદ્દેશ્ય, ગુલામોને મુક્ત કરાવીને, તેમને પુનઃસ્થાપન કરવામાં મદદ પૂરી પાડવાનો તથા ગુલામીને યથાવત્ રાખતી સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાનો છે. અમે સ્થાનિક જૂથો સાથેની ભાગીદારીના આધારે સમુદાય દ્વારા પ્રેરિત દરમિયાનગીરીનું સમર્થન કરીએ છીએ, જે લોકોને સાતત્યપૂર્ણ આઝાદી મેળવવામાં અને જે-તે પ્રદેશની ગુલામીની પ્રથાને દૂર કરવામાં મદદરૂપ બને છે. ફ્રી ધ સ્લેવ્ઝ વિશ્વ સમક્ષ એ હકીકત રજૂ કરે છે કે ગુલામી વિનાના વિશ્વનું નિર્માણ શક્ય છે.

વધુ વિગત અને આ અગાઉના એવોર્ડ વિજેતાઓ વિશે જાણકારી મેળવવા માટે આ વેબસાઈટની મુલાકાત લો - www.freethe slaves.net/thought-leadership/freedomawards/.

## લોકોનું અંદાજપત્રઃ કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૬–૧૭ માટેની અનુસૂચિત જાતિ સબ પ્લાન અને ટ્રાયબલ સબ પ્લાન અંગે સૂચિત યોજનાઓ

- એન. પૌલ દિવાકર, નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (એનસીડીએચઆર, નવી દિલ્હી)

વ્હાલાં મિત્રો,

કુશળ હશો! જય ભીમ! જોહાર!

વિકાસ અને પરિવર્તનનો નવો પ્રવાહ સતત આકાર લઈ રહ્યો છે, જે અનુસૂચિત જાતિ સબ પ્લાન (એસસીએસપી) અને ટ્રાયબલ સબ પ્લાન (ટીએસપી)ના અમલીકરણને પ્રભાવિત કરશે. દલિતો અને આદિવાસીઓના આર્થિક અધિકારો પર તેની વિપરિત અસરો પડે તેવી પણ પ્રબળ શક્યતા છે.

ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રો સાથે સંકળાયેલા દલિતો અને આદિવાસીઓ મોટાપાયે (86 ટકા) રોકડ અર્થતંત્ર (કેશ ઇકોનોમી) પર નભતા હોવાને કારણે, સમાજના આ વર્ગોની રોજગારી પર નોટબંધીની વિપરિત અસર પડી છે. રોકડ વ્યવહારો (લિક્વિડિટી) પરનાં વ્યાપક નિયંત્રણોને કારણે નાના અને મધ્યમ કદના વ્યવસાયો પર તથા વેતનની ચૂકવણીમાં ભારે કાપ મૂકાયો છે જેની લોકોના રોજિંદા જીવન પર પણ અસર થઈ છે. સમગ્ર પરિસ્થિતિનો ખરો તાગ તો જાન્યુઆરી, 2017 બાદ રવિ અને ખરીફ મૌસમ પછી જ મેળવી શકાશે.

દર વર્ષની માફક હાલ અમે નાણાં મંત્રાલય સાથે બજેટ પહેલાંની સલાહ-મસલતની પ્રક્રિયાની તૈયારી કરી રહ્યા છીએ. દિલ્હી ખાતે 26મી નવેમ્બરના રોજ યોજાનારી આ બેઠકમાં ભાગ લેવા માટે એનસીડીએચઆરને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તાજેતરમાં થયેલા કેટલાક પરિવર્તનો આ પ્રમાણે છેઃ

1) આયોજનબદ્ધ અને બિન-આયોજનબદ્ધ ઘટકોનું વિલીનીકરણ કરવું.
2) રેલવે બજેટ દૂર કરવામાં આવ્યું છે અને હવે તે સામાન્ય અંદાજ પત્રનો જ ભાગ રહેશે.
3) રાષ્ટ્રીય વિકાસ પરિષદને સ્થાને રાષ્ટ્રીય વિકાસ એજન્ડા અમલી બનાવાયો છે.
4) પંચવર્ષીય યોજનાઓ દૂર કરવામાં આવી છે અને તેને સ્થાને વિઝન-2022 રજૂ કરવામાં આવ્યું છે.
5) કેન્દ્ર દ્વારા પુરસ્કર્તા યોજનાઓ (સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ્સ)ની સંખ્યા 66થી ઘટાડીને ફક્ત 28 કરવામાં આવી છે.
6) એ યોજનાઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવી છેઃ

   (1) કેન્દ્રભૂત (કોર-ટુ-કોર) - એ તમામ યોજનાઓમાં જેને 'અધિનિયમ' તરીકે ઘડવામાં આવશે તથા જેનો અમલ ફરજિયાત કરવામાં આવશે જેમાં એસ.સી.એસ.પી., ટી.એસ.પી.નો પણ સમાવેશ રહેશે. (2) સરકારના મૂળભૂત પ્રાથમિકતાના ક્ષેત્રો જેવા કે એસ.એસ.એ. (3) વૈકલ્પિક - રાજ્યો પાસે તેનો અમલ કરવો કે નહીં તે અંગેનો વિકલ્પ હશે.

અમે યોજનાઓના પ્રકારને ધ્યાનમાં રાખી, અનિવાર્યપણે મહત્વની હોય તેવી યોજનાઓને અનુલક્ષીને દલિત તથા આદિવાસી સમુદાય સાથે સંકળાયેલા રહી કેટલાક વિશેષજ્ઞો જેવા કે ડો. આર. સી. ગાંધી, સી.બી.ડી.એ., ડો. નરેન્દ્ર જાદવ વગેરેનાં આયોજનમાં સમાવિષ્ટ અને આયોજનમાં હજુ સમાવેશ ન પામેલી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના વિલીનીકરણ તથા એકત્રીકરણ બાબતે સલાહ-મસલત હાથ ધરેલ છે. નાણાં મંત્રાલય દ્વારા આગામી કેન્દ્રીયકૃત અંદાજપત્ર 2017-18 માટે સપ્ટેમબર 2016માં પૂરો પાડવામાં આવેલી રૂપરેખા અનુસારની જાદવની માર્ગદર્શિકા તથા શ્રીધરનની માર્ગદર્શિકાઓ અનુસારનો નાણાંકીય પ્રવાહ જાળવી રાખતી યોજનાઓના સ્વરૂપે લોકો માટેનું અંદાજ પત્ર તૈયાર કરી રહ્યા છે.

કટોકટીના આ સમયે આપણી સામે ઘણા પડકારો હોવા છતાં આવો, સાથે મળીને વિકાસ માટેના તમામ શક્ય પ્રયત્નો કરીએ. અંદાજ પત્રના સત્રમાં અધિનિયમ માટેની માગણીને વધુ તીવ્ર કરવાની જરૂર છે.

શુભેચ્છા સહ,

એન. પૌલ દિવાકર
સચિવ
સ્વાધિકાર/એનસીડીએચઆર
8/1, સાઉથ પટેલ નગર, બીજો માળ,
નવી દિલ્હી - 110 008
મોબાઇલ: 091-99100 46813
pauldivakar@ncdhr.org.in;
Skype ID: pdanamala, Twitter: @paulncdhr
www.ncdhr.org.in

■

# શ્રદ્ધાંજલિ

## અનુપમ મિશ્ર (૧૯૪૮-૨૦૧૬)

રામચંદ્રા ગૂહા દ્વારા 'ઇન્ડિયન એક્સપ્રેસ', ડિસેમ્બર 21, 2016ના રોજ પ્રકાશિત 'The quiet fighter'નું અનુવાદ



**અનુપમ મિશ્ર**

વિદ્વાન પર્યાવરણવિદ અનુપમ મિશ્રનું ગત 19 ડિસેમ્બરની સવારે 68 વર્ષની વયે કેન્સરની માંદગીને કારણે તેમનું નિધન થયું. ગોપાલકૃષ્ણ ગાંધીના શબ્દોમાં, 'તેઓ નિર્દંભી બુદ્ધિજીવી હતા. અન્ય લોકો શું કરે છે કે શું નથી કરતા તેના પર ધ્યાન આપ્યા વિના તેઓ પોતાના કામને જ પ્રાધાન્ય આપતા હતા'.

રાણા દાસગુપ્તા દિલ્હીની મુલાકાતે ગયા, ત્યારે એક વિદ્વાન પર્યાવરણશાસ્ત્રી તેમને દેશની રાજધાનીના ઉત્તર ભાગની લટાર મારવા લઈ ગયા. એક સમયે કેનાલો તથા ટાંકીઓના જટિલ માળખાં થકી કેવી રીતે દિલ્હીની જળ વ્યવસ્થા કામ કરતી હતી તે પર્યાવરણવિદે લેખકને સમજાવ્યું. બ્રિટિશરોના આગમન પહેલાં દિલ્હીના જનજીવનમાં યમુના નદી કેન્દ્ર સ્થાને હતી. પાણીમાં રમાતી રમતોની સાથે-સાથે તહેવારોમાં પણ યમુનાનું જ વર્ચસ્વ રહેતું. જો કે, બ્રિટિશ શાસનકાળમાં અને આઝાદી મળ્યા બાદ પણ આ નદીને કચરો ફેંકવાનું સ્થાન જ ગણવામાં આવી છે. હવે દિલ્હીના દક્ષિણ ભાગમાંથી વહેતી યમુના જૈવિક રીતે અને સાથો-સાથ સાંસ્કૃતિક રીતે પણ મૃતપ્રાય થઈ ગઈ છે. દાસગુપ્તાને પગપાળા લટાર મારવા લઈ ગયેલા વિદ્વાને તેમને જણાવ્યું હતું કે 'આધુનિક શહેર પાછળની દોટને પગલે નદીની ઉપેક્ષા કરવામાં આવે છે અને તેના કારણે યમુનામાં ગંદકી અને પ્રદૂષણ ફેલાયાં છે. લોકો યમુનાને ભૂલી ગયા છે. જો આપણા વડાપ્રધાને દર વર્ષે યમુના સ્નાન કરવાનું હોત, તો યમુના ઘણી વધુ સ્વચ્છ હોત'. દાસગુપ્તાને આ સમજણ આપનારા પર્યાવરણવિદનું નામ અનુપમ મિશ્ર હતું. મિશ્રને જેટલી પ્રસિદ્ધિ મળવી જોઈએ તેટલી કદાચ ન મળી તે માટે સત્તા અને પ્રસિદ્ધિથી અળગા રહેવાનો તેમણે પસંદ કરેલો વિકલ્પ કારણભૂત હતો. અંગ્રેજી ભાષાના જાણકાર હોવા છતાં તેમણે તેમના કાર્યમાં એકભાષી રહેવાનો નિર્ધાર કર્યો હતો. આ માટે ચોક્કસ કારણ પણ જવાબદાર હોઈ શકે છે. તેઓ જાણીતા હિંદી કવિ ભવાની પ્રસાદ મિશ્રાના પુત્ર હતા. તેથી બની શકે કે તેઓ હિંદી સાહિત્યના તેમને મળેલા વારસાને જાળવી રાખવા માંગતા હોય.

બીજું, એક વખત હિંદીમાં લખવાનું નક્કી કર્યા બાદ, અસરકારક રીતે પ્રત્યાયન કરવા માટે તે ભાષા-વિશ્વમાં ખૂંપી જવું જરૂરી હતું. ત્રીજું અને કદાચ સૌથી મહત્વનું કારણ એ હોઈ શકે કે તેઓ ઉત્તર ભારતના ગ્રામવાસીઓ વિશે તથા ગ્રામજીવન વિશે લખતા હતા. આ ગ્રામવાસીઓ વૈવિધ્યતા ધરાવતી હિંદી ભાષામાં વાત કરતા હોવાથી, મિશ્રા તેમનાં પુસ્તકો અને નિબંધો તે જ ભાષામાં લખે, તે વધુ યોગ્ય હતું. (8,00,000 દર્શકો ધરાવતા ટેડ ટોક (TED TALK)ને બાદ કરતાં, મિશ્રાનાં મોટા ભાગનાં સર્જનો હિંદી ભાષામાં જ છે. તેમનાં કેટલાંક તાજેતરનાં લખાણો http://www.mansampark.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે. અનુપમ મિશ્રાનું મેં પ્રથમ વાંચેલું પુસ્તક (જે કદાચ લેખક તરીકે તેમનું પણ પ્રથમ પુસ્તક જ હતું) ઘણું જ સંક્ષિપ્ત હતું, પણ તેમાં ચિપકો આંદોલનનો અત્યંત ગહન અભ્યાસ કરવામાં આવ્યો હતો. મિશ્રા અને સત્યેન્દ્ર ત્રિપાઠીએ સાથે મળીને તે પુસ્તક લખ્યું હતું. 70ના દાયકામાં પ્રકાશિત થયેલું આ પુસ્તક ચિપકો આંદોલનની જ્યાંથી શરૂઆત થઈ હતી તે અલકનંદાના ખીણપ્રદેશનાં ગામોમાં સ્થાનિક સ્તરે કરવામાં આવેલી કામગીરી પર આધારિત હતું. પુસ્તકમાં ચિપકો આંદોલનના નેતા ચંદીપ્રસાદ ભટ્ટના ભગીરથ પ્રયત્નો તથા તેમના ઉદ્દેશ્ય પર ભાર મૂકવામાં આવ્યો હતો અને સાથે જ આંદોલનના કરોડરજ્જૂ સમાન સ્ત્રી-પુરુષોના યોગદાનને પણ તેમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

80ના દાયકામાં મિશ્રએ જળ સંગ્રહ અને જળ વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રીત કર્યું. તેમને સમજાયું કે જળ એ ભારત અને વિશ્વના સાતત્યપૂર્ણ ભવિષ્યની ચાવી છે. ટેડ ટોકમાં તેમણે પાણીને જીવનનું કેન્દ્ર ગણાવ્યું હતું. ખેડૂતો દ્વારા ટ્યૂબવેલ મારફત ભૂગર્ભ જળસ્રોતોનો અવિચારી ઉપયોગ, શહેરીજનો તથા ઉદ્યોગો દ્વારા પ્રદૂષિત કરવામાં આવતી નદીઓ અને અન્ય રીતે પાણીને વેડફાતું જોઈને તેમણે જળ સંચયની દેશી પદ્ધતિઓનું દસ્તાવેજીકરણ કરવાનું શરૂ કર્યું. આ પદ્ધતિઓ સ્થાનિક જમીનની કાળજીપૂર્વકની સમજૂતી પર આધારિત

છે. તેમણે વરસાદનું નજીવું પ્રમાણ ધરાવતા અને રણપ્રદેશ ધરાવતા તથા આજે પણ કૂવા અને ટાંકીઓની વ્યવસ્થા ધરાવતા રાજસ્થાનને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. વર્ષો સુધી હાથ ધરાયેલા સંશોધનના આધારે તેમણે હિંદીમાં ચોપાનિયાં તથા પુસ્તકોની શ્રેણીઓ પ્રસિદ્ધ કરી. જેનાં શીર્ષક હતાં 'રાજસ્થાન કી રજત બૂંદેં' અને 'આજ ભી ખડે હૈં તાલાબ'. આ શીર્ષકો પોતાના પૂર્વજોને પછાત ગણતા અને તેમની ટીકા કરતા આધુનિક માનવીએ તેમની પાસેથી ઘણું શીખવાની જરૂર છે તે સૂચવે છે.

મિશ્રને હું તેમના કાર્યો થકી જ ઓળખતો હતો. મારે ભાગ્યે જ તેમને મળવાનું થયું હશે, પણ જ્યારે પણ મળવાનું થાય, ત્યારે તે મુલાકાત મારા માટે જ્ઞાનપ્રેરક બની રહેતી. 80ના દાયકામાં ચિપકો આંદોલન અંગેના મારા પોતાના સંશોધન માટે તેમનાં સલાહ-સૂચન લેવા માટે હું તેમને મળ્યો હતો. 90ના દાયકામાં, હું નેહરૂ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી (એનએમએમએલ)નો સભ્ય હતો, તે દરમિયાન મેં મિશ્રને તેમના પુસ્તક 'આજ ભી ખડે હૈં તાલાબ' અંગે વાર્તાલાપ કરવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. એનએમએમએલ તે સમયે કીર્તિના શિખર પર હતી અને ભારતીય બુદ્ધિજીવીઓમાં તેનું અનેરૂં મહત્વ હતું. વળી, વિદેશી વિદ્વાનોનું પીઠબળ પણ મળી રહ્યું હતું. અહીં, હિંદી ભાષામાં 'થોડામાં ઝાઝું કહીને' તેમણે જે વક્તવ્ય આપ્યું અને રજૂઆતો કરી, તે એનએમએમએલ ખાતે થયેલી સૌથી રસપ્રદ ચર્ચાઓમાં સ્થાન ધરાવે છે. આ ચર્ચાના પડઘા ઘણા સપ્તાહો સુધી એનએમએમએલની પરસાળોમાં ગૂંજતા રહ્યા હતા. એક દાયકા બાદ મેં ચંદીપ્રસાદ ભટ્ટનું બહુમાન કરતી એક બેઠકમાં મિશ્રને ચંદીપ્રસાદ ભટ્ટનાં કાર્યો વિશે વક્તવ્ય આપતાં સાંભળ્યા. ફક્ત પાંચ કે છ જ મિનિટમાં તેમણે ઘણી જ કુશળતાપૂર્વક ગાંધીવાદી વિચારધારા અને સક્રિયતાવાદ ક્ષેત્રે ભટ્ટના યોગદાનને વર્ણવ્યું. થોડા મહિનાઓ અગાઉ મને તેમના કેન્સર વિશે જાણ થઈ, ત્યારે હું તેમને મળવા ગયો. તે અમારી છેલ્લી મુલાકાત હતી. આ બિમારીને કારણે તેમને ઘણું શારીરિક કષ્ટ થઈ રહ્યું હતું તે સ્પષ્ટ દેખાતું હતું. છતાં, તેમના અવાજની મૃદુતા અને ગહનતા હજી એવીને એવી અકબંધ હતી. તેમના યુવાન સાથી સોપાન જોશી પણ અમારી સાથે હતા. તાજેતરનાં વર્ષોમાં મિશ્રાનાં કાર્યોની જાણકારી નવી પેઢી સુધી પહોંચાડવા માટે જોશીએ ભગીરથ પ્રયત્નો કર્યા છે.

આધુનિક ભારતમાં પર્યાવરણીય ચળવળ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારી પાંચ વ્યક્તિઓનાં નામ પૂછવામાં આવે, તો હું જેમનાં નામ આપીશ તે વ્યક્તિઓ છે - ચળવળકર્તાઓ ચંદીપ્રસાદ ભટ્ટ તથા મેધા પાટકર, વિજ્ઞાની માધવ ગાડગિલ, પત્રકાર અનિલ અગ્રવાલ અને પર્યાવરણવિદ અનુપમ મિશ્રા. મિશ્રા પર્યાવરણ ક્ષેત્રે સક્રિય હતા, તેમ છતાં ઉપરોક્ત પાંચ વ્યક્તિઓમાં તેઓ સૌથી ઓછા જાણીતા છે. આ પાછળનું કારણ તેમણે કરેલી પસંદગીઓ જેમ કે 'બળવો કે વિરોધ કરવાને બદલે પુનઃનિર્માણ કરવું તથા અંગ્રેજીને બદલે હિંદીમાં' લેખનકાર્ય કરવું વગેરે પરિબળો જવાબદાર છે.

પોતાનાં ગહન લખાણો અને જીવન માટે અત્યંત જરૂરી અને અનિવાર્ય પાણીના સ્રોતના સંરક્ષણ અને સંચય અંગે સંવેદનશીલતાપૂર્વક કામગીરી કરવા બદલ અનુપમ મિશ્રા સદૈવ યાદ રહેશે. સાથે જ, પોતાના યોગદાનનો પ્રચાર કર્યા વગર, પૂર્વગ્રહ કે માનસિકતાને આધાર બનાવવાને બદલે સંશોધન આધારિત નક્કર કામગીરી કરવા બદલ તેઓ હંમેશા યાદ રહેશે. ■


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬

ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org



આ બુલેટિનનાં લેખોમાં મંતવ્યો લેખકોના વ્યક્તિગત છે.



**દીપા સોનપાલ**, ઈ-મેલ: sie@unnati.org, publication@unnati.org

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'

મુદ્રણ: બંસીધર ઑફસેટ, અમદાવાદ.

**ફક્ત અંગત વિતરણ માટે**



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે 'વિચાર'માં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.